કવિકુલકિરીટ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્
જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ વિરચિત

# શ્રી ચૈત્રીપૂનમ દેવવંદન



Scanned with CamScanner

॥ નમો વીયરાગાણં ॥
શ્રીમદાત્મ-કમલ-વીરવિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-મહોદય
ગુણયશ-કીર્તિયશસૂરિ-જગતૃદર્શન વિજય ગણિવરેભ્યો નમઃ ॥

કવિકુલ કિરીટ પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રીમદ્ જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ વિરચિત

# શ્રી
# ચૈત્રી પૂનમ દેવવંદન

: સંપાદક :
સૂરિરામચંદ્ર શિષ્યરત્ન
વર્ધમાન તપોનિધિ પૂજ્ય ગણીવર્ય શ્રી જગતૃદર્શનવિજયજી મહારાજાના
શિષ્યરત્નપૂજ્ય ગણીવર્ય શ્રી નિર્મલદર્શનવિજયજી મહારાજ

: પ્રકાશક :
ઉદય તિથિ પ્રકાશન
એમ. જે શાહ
અમદાવાદ

SILVER STARS CORPORATION
1/160 MULJINIWAS C. P. TANK ROAD,
1st FLOOR, OPP. MADHAVBAUG TEMPLE,
MUMBAI - 400 004. TEL. 2386 3264

Scanned with CamScanner

પ્રકાશક :
ઉદયતિથિ પ્રકાશન
એમ. જે. શાહ
અમદાવાદ.

મૂલ્ય : રૂ. ૩૦-૦૦
પ્રથમાવૃત્તિ : વિ. સં. ૨૦૬૬
ચૈત્ર માસ
નકલ : ૧૫૦૦
પ્રકાશન : સન્માર્ગ પ્રકાશન

## પ્રાપ્તિસ્થાન

❖ અમદાવાદ

**ઉદયતિથિ પ્રકાશન**
૨૦૫, રમ્ય એપાર્ટમેન્ટ,
૪૬, પ્રીતમનગર સોસાયટી,
એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૯૧૧૩
મો. ૯૪૨૬૩૫૭૩૧૩

❖ મુંબઈ

**નીરજભાઈ એસ. જૈન**
૧૪૨/૧૪, આશાલય,
જૈન સોસાયટી,
સાયન વેસ્ટ, મુંબઈ.
મો. ૯૩૨૩૧૩૯૫૭૭

❖ સુરત

**નવીનભાઈ ટી. શાહ**
૨૦૫/૬, આનંદ, બીજે માળે,
જદાખડી, મહીધરપુરા,
સુરત.
ફોન : ૦૨૬૧-૨૪૨૧૨૦૬
મો. ૯૮૨૪૧૦૧૧૮૦

**સેવંતીલાલ વી. જૈન**
સર્વોદયનગર,
ગ્રાઉન્ડ ફલોર, પાંજરાપોળ,
ભૂલેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૪
મો. ૯૮૨૦૧૭૪૦૮૧

**રાજસ્થાન ઉપકરણ ભંડાર**
૧૩૬૨, પીપળાપોળ, આસ્ટોડીયા રંગાટી બજાર,
અમદાવાદ-૧.
ફોન : ૦૭૯-૨૨૧૪

પ્રથમ તીર્થપતિ યુગાદિનાથ પ્રભુ શ્રી ઋષભદેવના
પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામીજીના શ્રીમુખે વર્ણવાયેલ
કલ્યાણકારિણી, મોક્ષફલ પ્રદાયિની
શ્રી ચૈત્રી પૂનમની આરાધનાર્થે પ્રકાશિત થતી

# ચૈત્રી પૂનમ દેવવંદન

પુસ્તિકા-પ્રકાશન-સૌજન્ય
રાજ. બીજાપુર રાતા મહાવીરજી તીર્થ નિવાસી
અમારા સંસ્કાર દાતા
**શ્રી શાંતિલાલજી ફુલચંદજી જૈનના**
**આત્મશ્રેયોર્થે તથા**
**શ્રી સુશીલાબેન શાંતિલાલજી જૈનને**
ચાલી રહેલ વર્ધમાન તપની ૯૦મી ઓળીની આરાધના
તેમજ જીવનમાં કરેલ અનેકવિધ તપાનુષ્ઠાનો તથા
આરાધનાની અનુમોદનાર્થે
**શા. બાબુલાલજી ફુલચંદજી જૈન**
**શા. રતનલાલજી ફુલચંદજી જૈન**
**નિરજ, નીતિન,**
**સમસ્ત જૈન પરિવાર, સાયન - મુંબઈ**
**આપની તીર્થભક્તિ - શ્રુતભક્તિની**
**અમો ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.**

*ઉદય તિથિ પ્રકાશન*
**અમદાવાદ**



Scanned with CamScanner

# પ્રકાશનનું નિમિત્ત અને નિમિત્તનું પ્રકાશન

અધ્યાત્મ ધ્યાન યોગ પ્રાપ્તિના પંદર ઉપાયોમાં સૌથી પહેલા ઉપાયમાં 'કલ્યાણમિત્રનો સંગ' કરવાની વાત પૂ. મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી મહારાજા**એ બતાવી છે. કલ્ય એટલે સુખ, આણ એટલે આણનાર-મેળવી આપનાર. સુખ મેળવી આપનાર મિત્ર કલ્યાણ મિત્ર કહેવાય. અહીં થોડી સ્પષ્ટતા જરૂરી છે.

દુનિયાના સુખો મેળવી આપનાર કલ્યાણ મિત્રો હજુ ઘણા મળી શકે છે. પણ મોક્ષસુખ; વસ્તુ, વ્યક્તિ કે વાતાવરણ વિનાનું સુખ તો કોક વિરલ આત્મા જ મેળવી આપે છે. માટે એવા લોકોત્તર કલ્યાણ મિત્ર મળવા અતિ દુર્લભ છે. અનંત પુણ્ય ભેગું થાય ત્યારે એવો કલ્યાણ મિત્ર મળે.

જૈન શાસ્ત્ર કહે છે કે, મા-બાપ પણ કલ્યાણ મિત્ર બની શકે, ભાઈ-બહેન, પતિ કે પત્ની, પુત્ર-પુત્રી પણ કલ્યાણ મિત્ર બની શકે અને ધર્મગુરુ પણ કલ્યાણ મિત્ર બની શકે.

છેક પહેલા પગથિયે ઊભેલાને હાથ પકડીને છેલ્લી મંજીલે પહોંચાડવાનું કલ્યાણ-કાર્ય કલ્યાણ મિત્ર કરે છે.

મારા જીવનમાં માતા-પિતા અને પત્નીરૂપે કલ્યાણમિત્રો મળ્યા છે. તદ્ ઉપરાંત પૂજ્ય ગુરુદેવો: વર્ધમાન તપોનિધિ પૂ.આચાર્યદેવ શ્રી.વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજા, પ્રવચન-પ્રભાવક



Scanned with CamScanner

પૂ.આ.શ્રી. વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજા તથા પૂજ્ય ગણિવર્ય શ્રી **નિર્મલદર્શન-વિજયજી** મહારાજ આદિ ગુરુ ભગવંતોએ પણ લોકોત્તર કલ્યાણ-મિત્ર બનીને મારા જીવનને ધર્મમાર્ગે વાળવાનો પ્રશસ્ત પ્રયત્ન કર્યો છે. તેઓશ્રીના એ મહોપકારથી આત્મ કલ્યાણકારી સાધનાને સમજવા-સદ્દહવા અને સહેજ પણ સાકાર કરવાની ક્ષમતાને હું પામી શક્યો છું. પણ જેમને ક્યારેય ન ભૂલી શકું એવા એક કલ્યાણ મિત્રનો ભેટો થયો છે, જે લોહીની કોઈ સગાઈથી જોડાયેલા નથી, એ ધર્મની સગાઈથી જોડાયેલા છે. એ મહા-ઉપકારી સુશ્રાવક છે **'હિમાંશુભાઈ પ્રવીણચંદ રાજા-ઝવેરી'**. એમણે જ કોઈ સુભગ પળે વિષય-કષાયમાં ચકચૂર પ્રમાદી એવા મને ઢંઢોળીને જગાડ્યો. તેને કારણે મારા જીવનની પાપપ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ આવ્યો, તે સાથોસાથ ધર્મઆરાધનામાં વેગ પણ આવ્યો છે. નાનકડા લેખાતા **'રાત્રિભોજન ત્યાગ'** માટે તૈયાર થયો એ મારી ધર્મપેઢીની શરૂઆત બની ગઈ. આજે જે કાંઈ દેવ, ગુરુ, સાધર્મીની સેવાનો લાભ મેળવી શક્યો છું. તેના પાયામાં ગુરુવર્યો તથા આ કલ્યાણમિત્ર કારણ છે.

તે કલ્યાણમિત્રોની ઉપકાર-સ્મૃતિને કાયમી બનાવી વારંવાર તેના સ્મરણથી ધર્મ-માર્ગમાં આગળ વધવાની ઈચ્છાથી અને તેમની સાથે કરેલ ગત વર્ષની ચૈત્રી પૂનમની યાત્રાની સ્મૃતિ નિમિત્તે **'ચૈત્રી પૂનમના દેવવંદન'**ની આ નાનકડી પુસ્તિકાનું પ્રકાશન કરી ખુશી અનુભવું છું.

મારા પરમોપકારી પૂ. પિતાજી **શ્રી શાંતિલાલ ફુલચંદજી** અને પૂ. માતુશ્રી **સુશીલાબેન શાંતિલાલજી**ના ઉપકારો તો અમાપ છે. પૂ.



Scanned with CamScanner

પિતાશ્રીના સુકૃતોની અનુમોદના તેમજ પૂ. માતુશ્રીને ચાલી રહેલ વર્ધમાન તપની ૯૦મી ઓળીની નિર્વિઘ્ન આરાધનાની સાથોસાથ તેમના જીવનની અઢળક આરાધનાઓની પણ આ પ્રસંગે અનુમોદના કરવાની તક ઝડપી લઉં છું.

મારા પરમોપકારી તપાગચ્છાધિરાજ પૂ.આ.શ્રી વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય-પ્રશિષ્યાલંકાર વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી.વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજા તથા પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી.વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાના સાનિધ્યમાં રહી સંયમી જીવન જીવતા સૂરિરામચંદ્રના શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ પૂ.મુનિપ્રવર શ્રી **જતુદર્શનવિજયજી** ગણિવર્યના શિષ્યરત્ન વૈયાવચ્ચાદિ નિષ્ણાત પૂ. મુનિપ્રવર શ્રી **નિર્મળદર્શન-વિજયજી** ગણિવર્યે ખૂબ જ અલ્પ સમયમાં આ પુસ્તિકાનું સાંગોપાંગ સંપાદન કાર્ય કરી આપી મારા પર કરેલા ઉપકારોમાં એકની વૃદ્ધિ કરી છે. અમ પરિવાર સદૈવ તેઓશ્રીના ય ઋણી રહેશે.

તેમજ અવારનવાર પ.પૂ.પં. શ્રી અરુણવિજયજી ગણિવર અને પૂ.સા.**શ્રી ભવ્યકલ્પાશ્રીજી** મ. તથા પૂ.સા. **શ્રી મહાનંદાશ્રીજી** મ.નું પણ આલંબન પ્રાપ્ત થતું રહ્યું છે. તેઓને પણ કેમ ભુલાય ! **ઉદયતિથિ પ્રકાશન** દ્વારા થતી આ પુસ્તિકાના પ્રકાશનનો લાભ અમારા પરિવારને પ્રાપ્ત થયો તે બદલ અમારો પરિવાર ધન્યતા અનુભવે છે.

પ્રાંતે સૌ કોઈ આ પ્રકાશનનો સદુપયોગ કરી મહિમાવંતી ચૈત્રી પૂર્ણિમાની વિધિવત્ આરાધના કરી શ્રી **પુંડરીકસ્વામીજી** અને **ગિરિરાજ**ના આલંબને સિદ્ધિ સુખના સ્વામી બને એ જ શુભભાવના.

- જૈન પરિવાર



Scanned with CamScanner




Scanned with CamScanner




Scanned with CamScanner

.....તપાગચ્છના અધિપતિ સૂરિ રામચંદ્રને વંદના !.....



જૈન શાસનશિરતાજ
તપાગચ્છાધિરાજ
પૂ.આ.ભ.શ્રીમદ્
વિજય રામચંદ્રસૂરીશ્વરજી
મહારાજ....

મઅન તપોનિધિ
સ્પૃહમૂર્તિ પૂ.આ.શ્રીમદ્
જય ગુણયશસૂરીશ્વરજી મહારાજ
⋮



આશિષ [illegible] ગુરુરાજ,
વિનવું [illegible] રાજ,
ગુણકી [illegible] મૂર્તિ
ભવજ [illegible] રાજ



પ્રવચન પ્રભાવક
પૂ.આ.ભગવંત શ્રીમદ્
વિજય કીર્તિયશસૂરીશ્વરજી
મહારાજ......

Scanned with CamScanner

# ચૈત્રી પૂર્ણીમા કથા

## ઈમની સુણીને ઈહાં આવીયા રે લાલ....

અયોધ્યાના અધિપતિ રાજાઋષભના પુત્ર શ્રીભરતચક્રવર્તી પોતાના માતામહી મરુદેવામાતાને સાંત્વના આપતાં આપતાં એક હજાર વર્ષ વિતાવ્યા તે સમયે શ્રી ઋષભદેવ પ્રભુ છદ્મસ્થપણે વિહાર કરતા પુરિમતાલની નજીક શકટમુખ ઉદ્યાનમાં પધાર્યા. પ્રભુએ ક્ષપકશ્રેણીનું મંડાણ કર્યું. ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત કર્યું. ઈન્દ્રાદિકદેવોએ મળી સમવસરણની રચના કરી.

યમક નામના ઉદ્યાન પાલકે પ્રભુને પ્રાપ્ત થયેલા કેવળજ્ઞાનની શ્રી ભરતરાજાને વધામણી અર્પી. તે સાંભળી તેઓની રોમરાજી વિકસિત થઈ. તેટલામાં જ આયુધશાળાના રક્ષક શમકે આવી વધાઈ આપી કે, 'હે મહારાજા ! આયુધશાળામાં તેજથી દેદીપ્યમાન ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' એકી સાથે બે વધામણી સાંભળી શું કરવું તેનો મનોમન વિમર્શ કર્યો. પરમ વિવેકી એવા તેઓએ વિચાર્યું કે, 'પ્રભુને ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાનનો ઉત્સવ તો ભવોભવના કર્મોના ભેદનનું શ્રેષ્ઠ કારણ છે અને આભવ પરભવ સર્વ અર્થ સાધક છે. જ્યારે ચક્રરત્નનો ઉત્સવ તો કેવળ કર્મબંધનનું કારણ છે અને માત્ર આ ભવના જ અર્થને સાધનારું છે.' એમ નિશ્ચય કરી માતા મરુદેવાને હસ્તિરત્ન પર બેસાડી પ્રભુને વંદન કરવા અને કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા અંતઃપુર સાથે પ્રયાણ કર્યું.



Scanned with CamScanner

માર્ગમાં દૂરદૂરથી દેવો દ્વારા થતી દુંદુભી વગેરે નાદ સાંભળી ભરત મહારાજાએ મરુદેવા માતાને કહ્યું, 'જુઓ તો ખરા, આ તમારા પુત્રની ઋદ્ધિ !' ત્યારે દેવતાઈ નાદ અને પ્રભુના શબ્દો સાંભળી હર્ષના આંસુઓ દ્વારા આંખોના દ્વાર નિર્બંધ બની ગયા. સમવસરણ તથા પ્રભુનાં દર્શન થતાં જ આનંદમાં તન્મય થયેલા મરુદેવામાતાએ હાથીની અંબાડીમાં બેઠાં બેઠાં જ ક્ષપકશ્રેણીમાંડી ઘાતી કર્મોનો ક્ષય કરવા દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તે સાથે જ અઘાતી કર્મોનો પણ ક્ષય થયો અને પ્રભુની પૂર્વે જ મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરી. અવસર્પિણીકાળના આ પ્રથમ સિદ્ધ છે એમ જાણી ઈન્દ્રાદિ-દેવોએ માતા મરુદેવાના પુણ્ય પવિત્ર દેહની પૂજા અર્ચના કરી, તેને ક્ષીર સમુદ્રમાં પધરાવ્યું.

હર્ષ અને શોકથી યુક્ત લાગણીવાળા શ્રી ભરત મહારાજાએ સમવસરણમાં પ્રભુની દેશના શ્રવણ કરવા પ્રવેશ કર્યો. વંદનાદિ વિધિ કરી. પ્રભુની અમૃતઝરતી દેશનાનું શ્રવણ કર્યું. દેશનાને અંતે શ્રી ભરત મહારાજાના કરોડો પુત્રો પૈકી **ઋષભસેને (પુંડરીકે)** બીજા પાંચસો ભાઈઓ તથા સાતસો બંધુ પુત્રો સાથે સંયમનો સ્વીકાર કર્યો. ષટ્ખંડાધિપતિ **શ્રી ભરત મહારાજા**એ સમ્યક્ત્વપૂર્વક વ્રતો ગ્રહણ કર્યા. પ્રભુએ તીર્થની અને ગણધરની સ્થાપના કરી.

અપ્રતિબદ્ધ વિહારી શ્રી ઋષભદેવ પ્રભુ સાથે ગ્રામાનુગ્રામ વિચરતા **શ્રી પુંડરીકસ્વામીજી ગણધરે** પણ અનેકાનેક જીવોને સર્વવિરતિ દેશવિરતિ આદિ પ્રદાન કરતા અનેક પૂર્વ વર્ષ આયુષ્ય પસાર કર્યું.



Scanned with CamScanner

એકવાર દેશના આપતા પ્રભુને પ્રથમ ગણધર શ્રી પુંડરીક-સ્વામીજીએ બે હાથ જોડી નતમસ્તકે પ્રશ્ન કર્યો કે, 'હે સ્વામિન્ ! સંસારમાં રઝળતા એવા મારું મુક્તિગમન કયારે થશે ?'

ત્રિકાલાબાધિત કેવળજ્ઞાનસ્વામી શ્રી ઋષભદેવ પ્રભુએ અમૃતઝરતી વાણીવડે જણાવ્યું કે, 'આયુષ્મન્ ! આજ ભરતક્ષેત્રમાં આવેલા સુરાષ્ટ્ર દેશમાં તુંગનામે પર્વત શોભી રહ્યો છે. તે પર્વત ઉપર ધ્યાનધારામાં રહેલા તમોને કેવળજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત થશે.' પ્રભુનું વચન સાંભળી આનંદિત હૃદયવાળા ગણધર શ્રી પુંડરીક-સ્વામીજીએ અનેક સાધુઓ સાથે મુક્તિની પ્રાપ્તિ માટે **તુંગ પર્વત** તરફ મંગળ પ્રયાણ આદર્યું.

ગ્રામાનુગ્રામ વિહાર કરી અનેકાનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા નદીમાં જેમ સાગર ભળે તેમ માર્ગમાં પરિચયમાં આવતા અનેક ભવ્ય જીવોને સંયમરત્નનું પ્રદાન કરતાં કરતાં અંતે આશ્ચર્યથી અંજાઈ જઈએ એટલી સંખ્યા ગણાય તેવા **પાંચ ક્રોડ** મુનિવરોથી પરિવરેલા સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) દેશમાં પધાર્યા. દેશના પ્રદાનને અંતે કોઈ મહાદુ:ખી સ્ત્રી પોતાની વિધવા પુત્રીને લઈને ત્યાં આવી તેણે પ્રશ્ન કર્યો. 'હે સ્વામિન્ ! આ મારી પુત્રીએ ગત જન્મમાં એવું શું પાપ કર્યું કે જેને કારણે લગ્ન સમયે હસ્તમેળાપમાં જ તેનો પતિ મરણને શરણ થયો.'

ત્યારે ચાર જ્ઞાનના સ્વામી શ્રી પુંડરીક ગણધરે જણાવ્યું કે, 'હે ભદ્રે ! અશુભ કર્મનું ફળ અશુભ જ પ્રાપ્ત થાય છે. જગતના સર્વે જીવો પોતાના પૂર્વકૃત શુભાશુભ કર્મોના ફળને પોતે જ પ્રાપ્ત કરે છે. તેમાં બીજા તો માત્ર નિમિત્તભૂત જ છે.



Scanned with CamScanner

તેણીએ પૂર્વ જન્મમાં પોતાની શોક્યની ઈર્ષ્યાને કારણે પતિની પાસે તેનો ત્યાગ કરાવ્યો હતો અને પતિને પોતાને વશ કર્યો હતો. પાછળથી તેણીના કપટની પતિને ખબર પડતાં પતિએ તેણીનો પણ ત્યાગ કર્યો. તે સમયે તેણી ખૂબ જ વ્યથિત બની, પોતાના આ દુષ્કૃતનું પ્રાયશ્ચિત્ત કર્યા વિના જ તે મરણ પામી અને હવે તારી કુક્ષીએ પુત્રી પણે ઉત્પન્ન થઈ છે. પૂર્વના કરેલા તે કર્મને કારણે તેને વિષકન્યા તરીકે જન્મ મળ્યો છે. તેને આ જન્મમાં પતિનો સ્પર્શ તો ન મળ્યો. પણ પતિના મુખનું દર્શન પણ ન મળે તેવું તીવ્ર કર્મ ઉદયમાં આવ્યું છે.

ત્યાર બાદ તેણીની માતાએ પુનઃ કહ્યું, ‘હે સ્વામી ! તે આ દુઃખથી અત્યંત વ્યથિત છે. સતત મરવાના વિચારો અને વારંવાર મરવાના પ્રયત્નો કરી રહી છે. ત્યાંથી સમજાવી છોડાવીને હું તેને દીક્ષા અપાવવા અહીં લાવી છું. આપશ્રી કરુણા કરીને તેને આ દુઃખથી મુક્ત કરનારી દીક્ષાનું દાન કરો !

ગણધર શ્રી પુંડરીક સ્વામી ભગવંતે પોતાના વિશિષ્ટ જ્ઞાન દ્વારા જાણીને કહ્યું કે, ‘હે મુગ્ધે ! આ તારી પુત્રી સર્વજ્ઞ શાસનની દીક્ષા માટે અયોગ્ય છે. તેને દીક્ષા શી રીતે અપાય.’ તે સ્ત્રીએ કહ્યું, ‘હે સ્વામિ ! આપ તો જ્ઞાની છો ! તે આવ પાપકર્મથી મુક્ત થાય એવો એને અનુરૂપ ધર્મ બતાવી તેનો નિસ્તાર કરો !’ ત્યારે ગણધર ભગવંતે પ્રબલ કરુણા કરી. તેના અશુભ કર્મોનો નાશ થાય અને તે દ્વારા તે પરંપરાએ પણ મુક્તિને પ્રાપ્ત કરનાર બને તેવી **ચૈત્રી પૂનમની આરાધના** કરવાનો ઉપદેશ આપ્યો.’ તે જ ક્ષણે તે કન્યાએ



Scanned with CamScanner

સ્વામીને તેની વિધિની પૃચ્છા કરી અને સ્વામીએ તેનું નિરૂપણ કર્યું. આ રીતે ચૈત્રી પૂનમની આરાધનાનું વિધાન પ્રગટ થયું.

ચૈત્રી પૂનમના દિવસથી ઉપવાસ કરીને આ તપનો પ્રારંભ કરવો, ત્યાર બાદ પ્રતિમાસના સુદ પક્ષની પૂર્ણિમાના - દિને શુદ્ધ ભાવપૂર્વક ઉપવાસનું પચ્ચક્ખાણ કરવું. પ્રભુ પ્રતિમાની વિધિવત્ પૂજના-અર્ચના કરવી, સ્નાત્ર મહોત્સવ, સર્વ જિનમંદિરોની ચૈત્ય પરિપાટી જીવદયા-અનુકંપાનાં કાર્યો કરવાં, શીયલવ્રતનું પાલન, મોતી અથવા અખંડ અક્ષત દ્વારા વિમલગિરિની સ્થાપના કરી તેની પૂજા કરવી, સિંહાસનમાં પ્રભુના પધરામણા કરી પાંચ દેવવંદન કરવાં, સ્તવન કહેવું, દશ, વીશ, ત્રીશ, ચાલીશ, પચાસ એ ક્રમે ખમાસમણાં આપવાં, એટલા જ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. બે સમય પ્રતિક્રમણ વગેરે વિધિ કરવી. પારણાના દિને ગુરુ ભગવંતને વહોરાવવા દ્વારા સુપાત્ર દાનનો લાભ પ્રાપ્ત કરવો.

આ રીતે ૧૫ વર્ષ સુધી નિરંતર આ આરાધના કરવાથી અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી મુક્તિની પ્રાપ્તિ ન થાય સુધી અનેકાનેક ઉચ્ચકોટિના ભૌતિક સુખો પ્રાપ્ત થાય. તે જ રીતે અનેક માનસિક શારીરિક દુઃખોનો પણ નાશ થાય છે.

આ પ્રમાણે શ્રી ગણધર ભગવંતની વાણી દ્વારા ચૈત્રી પૂનમનું માહાત્મ્ય સાંભળી હર્ષાન્વિત બનેલી તેણીએ કહ્યું કે, 'હું આ તપને અવશ્ય આરાધીશ' એ પ્રમાણે એ તપનો સ્વીકાર કરી આરાધન કર્યું. અંતે અનશનનો સ્વીકાર કરી આયુષ્ય પૂર્ણ થયે સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈ ત્યાં દેવતાઈ ભોગોને ભોગવી ચ્યવીને મહાવિદેહ



Scanned with CamScanner

ક્ષેત્રની બત્રીશ વિજયો પૈકી **સુકચ્છ** વિજયના **વસંતપુર** નગરમાં **તારાચંદ** શ્રેષ્ઠિની ભાર્યાની કુક્ષીએ પુત્ર પણે ઉત્પન્ન થઈ. તેનું નામ પૂર્ણચંદ્ર પાડવામાં આવ્યું. યૌવનવયમાં તે પંદર કરોડ સોનૈયા તથા પંદર કન્યાઓનો સ્વામી બન્યો. તેઓ દ્વારા તેને ઉત્તમ અને સંસ્કારી પંદર પુત્રોની પ્રાપ્તિ થઈ, તેમજ ઘણા સુખો ભોગવ્યા. તે ભવમાં તેણે ચૈત્રી પૂનમની વિશિષ્ટતમ આરાધના કરી. અંતે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થતાં પૂજ્ય **જયસમુદ્ર** ગુરુદેવની પાસે સંયમનો સ્વીકાર કરી સુંદર આરાધના દ્વારા મુક્તિને પ્રાપ્ત કરનાર બન્યો. આ પ્રમાણે અનેક જીવો ચૈત્રી પૂર્ણિમાની આરાધના કરવા દ્વારા મોક્ષને પામ્યા છે અને પામશે.

જે પુણ્યવાનો ચૈત્રી પૂર્ણિમાને દિને ઉપવાસનો તપ કરી ભાવપૂર્વક કવડયક્ષ તેમજ ગોમુખ ચક્રેશ્વરી દેવીથી અધિષ્ઠિત શ્રી સિદ્ધગિરિ-રાજની યાત્રા કરે છે તે નરક-તિર્યંચગતિનો વિચ્છેદ કરે છે, અને સર્વદા ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા પામે છે. શુભભાવથી આ આરાધના કરવાથી મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે.

શ્રી નંદીશ્વર દ્વીપની યાત્રા પૂજા કરવા દ્વારા જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેથી અનેકગણું પુણ્ય શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રા, પૂજા કરવા દ્વારા પ્રાપ્ત થાય છે.

શ્રી પુંડરીક ગણધર ભગવંત આ પ્રમાણે ઉપદેશ આપી શ્રી તુંરગગિરિ પર્વત સમીપ આપ્યા. ગિરિવરને જોતા જ સઘળીય રોમરાજી વિકસિત બની ગઈ, બે હાથ ભેગા કરી, ત્રણ આવર્ત કરી, પંચાગ પ્રણિપાત દ્વારા નમસ્કાર કર્યો. પાંચ ક્રોડ મુનિવરોથી પરિવરેલા શ્રી પુંડરીકસ્વામી ગણધર ભગવંતે ગિરિ આરોહણ કર્યું.



Scanned with CamScanner

આંખ સામે પ્રભુનાં વચનો તરવરે છે કે, 'આ ગિરિ ઉપર તમને મુક્તિની પ્રાપ્તિ થશે.' બસ ! આજ શુભ ભાવધારા મનમાં વહી રહી છે, ઉપર પહોંચી યોગ્ય નિર્જીવ ભૂમિ ઉપર બેસી મુનિવરો સાથે મૌનપૂર્વક ધ્યાન ધારામાં આરૂઢ થયા. શુદ્ધ ચારિત્રનું પાલન કરી એક વર્ષ પર્યંત સાધના કરી આયુષ્ય બળ ક્ષીણ થતાં અંતે (ફા.વ. ૧ના) એક માસિક પાદોપગમન અનશન તપનો સ્વીકાર કરી શુક્લ ધ્યાનમાં અરૂઢ થયેલા તેઓશ્રી શોભવા લાગ્યા. ત્રીસ દિવસને અંતે ચૈત્રી પૂનમના દિવસે ક્ષપકશ્રેણના મંડાણ કર્યા. ઘાતી-અઘાતી આઠે ય કર્મોનો ક્ષય કરી. કેવળજ્ઞાન પામી મુક્તિને વર્યા. તે જ દિવસે, દેવતાઓએ કરેલા કેવળજ્ઞાનનો મહિમા નિહાળી જ્ઞાનરૂપી રત્નવાળા એ પાંચ કરોડ મુનિવરોને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને મુક્તિને વર્યા.

તે કાળે તે સમયે દેવો અને દેવેન્દ્રોએ તે સમસ્ત મુનિવરોના સંયમપૂત દેહની વિધિપૂર્વક પૂજના અર્ચના કરી મોક્ષગમનનો મહોત્સવ કર્યા અને ત્યારથી જ શ્રી પુંડરીકસ્વામીજીના શુભ નામે તે શ્રી તુંગગિરિનું **પુંડરીક ગિરિ** એ પ્રમાણે નામ ઘોષિત કર્યું.

શ્રી પુંડરીકસ્વામીજીની કલ્યાણ સાધનાને સાંભળી રોમાંચિત બનેલા ષટ્ખંડાધિપતિ શ્રી ભરત મહારાજાએ સેંકડો કોડાકોડી સુવર્ણનો વ્યય કરીને શ્રી પુંડરીકગિરિરાજ ઉપર સુવર્ણમય વિશાળકાય જિનાલય નિર્માણ કરાવ્યું અને તેમાં ઉત્સવપૂર્વક રત્નમય શ્રી પુંડરીકસ્વામી યુક્ત શ્રી ઋષભદેવ પ્રભુનું બીમ્બ ભરાવી પ્રતિષ્ઠિત કરાવ્યું. તેમજ અન્ય પણ બાવીશ અરિહંતોના બાવીશ જિનમંદિરોનાં નિર્માણ અનેક કોટી દ્રવ્યના વ્યય દ્વારા કરાવ્યાં.



Scanned with CamScanner

આ રીતે યુગાદિનાથ પ્રથમ તીર્થપતિ શ્રી આદિનાથ પ્રભુના ચોર્યાસી પૈકી પ્રથમ ગણધર પાંચ કરોડ મુનિવરોથી પરિવરેલા શ્રી પુંડરીકસ્વામીજીના ચૈત્રી પૂર્ણિમાને દિને નિર્વાણ પદની પ્રાપ્તિથી પ્રસિદ્ધિને પામેલ શ્રી પુંડરીક ગિરિવર ઉપર અનંત આત્માઓ સિદ્ધિને પામશે.

સૌ કોઈ આ ચૈત્રી પૂર્ણિમાની આરાધના દ્વારા કર્મનો ક્ષય કરી પરમાત્મપદને પ્રાપ્ત કરનારા બને એ જ અભિલાષા.

❋ ❋ ❋

Scanned with CamScanner




Scanned with CamScanner

### શ્રી જ્ઞાનવિમલસૂરિ રચિત

# શ્રી ચૈત્રી પૂનમના દેવવંદન

## વિધિ

પ્રથમ ચાર પ્રભુજી નાણ અથવા સિંહાસનમાં પધરાવવા, તેમાં પ્રથમ દશ તિલક કરવા, ફૂલના હાર દશ, ધૂપ દશ વાર કરવો, દશ દીવેટનો દીવો કરવો, દશ વાર ઘંટ વગાડવો, દશ વાર ચામર વીંઝવા, જેટલી જાતિનાં ફૂલ મળે તે સર્વ જાતિના પ્રત્યેક દશ દશ મૂકવાં, દશ સાથિયા કરવા, સોપારી વગેરે ફળો સર્વ દશ દશ મૂકવાં, નૈવેદ્યમાં સાકરિયા તથા એલચીપાક, શિંગોડા, નિમજાં, ખારેક, દ્રાક્ષ, બદામાદિ જે જાતિના મળે તે સર્વ જાતિના પ્રત્યેક દશ દશ મૂકવાં. અનાજ-ગહું અથવા ચોખા પંદરસો ગ્રામ (દોઢ કીલ્લો) લીલાં નાળિયેર ચાર મૂકવા. ઇત્યાદિ વિધિ કરીને દેવવંદન કરવા. ચાર દીપક ફાનસમાં મૂકવા. કુલ પાંચ દેવવંદન છે. દરેક દેવવંદન કરતાં પૂર્વે તે તે વિધિ કરવી.

પ્રથમ દેવવંદન કરતાં પૂર્વે તિલક વગેરે તમામ દશ દશ કરી દેવવંદનનો પ્રારંભ કરવો એ જ રીતે જ્યારે બીજા દેવવંદનનો પ્રારંભ કરો ત્યારે તમામ વિધિ દશને બદલે વીશ વીશ કરી પ્રારંભ કરવો એ પ્રમાણે ક્રમશઃ કરવું.

**દેવવંદન વિધિ** - સ્થાનાચાર્ય સન્મુખ અથવા નવકાર પંચિદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઇરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ ચંદેસુનિમ્મલયરા સુધી ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ આપી **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?** ઇચ્છં, કહી યોગમુદ્રાએ બેસી ચૈત્યવંદન કરવું.



Scanned with CamScanner

## ॥ દેવવંદનનો પ્રથમ જોડો ॥

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

આદીશ્વર અરિહંત દેવ, અવિનાશી અમલ;
અક્ષય અરૂપી ને અનુપ, અતિશય ગુણ વિમલ ॥૧॥
મંગલ કમલા કેલી વાસ, વાસવ નિત્ય પૂજીત;
તુજ સેવા સહકાર સાર, કરતાં કલ કુંજિત ॥૨॥
યોજીત યુગ આદિજિણે એ, સકલ કળા વિજ્ઞાન;
શ્રી જ્ઞાનવિમલસૂરિ ગુણ તણો, અનુપમ નિધિ ભગવાન ॥૩॥

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અને જયવીયરાય અર્ધા-આભવમખંડા સુધી કહી ખમા૦ આપી બીજું ચૈત્યવંદન કરવું.

### ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

વંશ ઈક્ષ્વાગ સોહાવતો, સોવન વન કાય;
નાભિ રાય કુલ મંડણો, મરૂદેવી માય ॥૧॥
ભરતાદિક શત પુત્રનો, જે જનક સોહાય;
નારી સુનંદા સુમંગલા, તસ કંત કહાય ॥૨॥
બ્રાહ્મી સુંદરી જેહની, તનયા બહુ ગુણખાણ;
જ્ઞાનવિમલ ગુણ તેહના, સંભારો સુવિહાણ ॥૩॥

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ નમોઽર્હત્૦ કહી પહેલી થોય



Scanned with CamScanner

કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો પ્રગટ બીજી થોય કહેવી. પછી પુક્ખરવર૦ સુઅસ્સભગવઓ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી.

## ॥ પ્રથમ થોય જોડો ॥

(રાગ : જય જય ભવિ હિતકર)

**શ્રી શત્રુંજય મંડણ, રિસહ જિણેસર દેવ,**
**સુર-નર વિદ્યાધર, સારે જેહની સેવ;**
**સિદ્ધાચલ શિખરે, સોહાકર શૃંગાર;**
**શ્રી નાભિ-નરેસર, મરૂદેવીનો મલ્હાર ॥૧॥**

**એ તીરથ જાણી, જિન ત્રેવીસ ઉદાર;**
**એક નેમ વિના સવિ, સમવસર્યા સુખકાર;**
**ગિરિકંડણે આવી, પહોંચતા ગઢ ગિરનાર;**
**ચૈત્રી પુનમ દિને, તે વંદૂ જયકાર ॥૨॥**

**જ્ઞાતાધર્મ કથાંગે, અંતગડ સૂત્ર મોઝાર;**
**સિદ્ધાચલ સિદ્ધયા, બોલ્યા બહુ અણગાર;**
**તે માટે એ ગિરિ, સવિ તીરથ શિરદાર;**
**જિણ ભેટે થાવે, સુખ સંપત્તિ વિસ્તાર ॥૩॥**

ગોમુખ ચક્કેસરી, શાસનની રખવાલી;
એ તીરથ કેરી, સાન્નિધ્ય કરે સંભાળી;
ગિરૂએ જસ મહિમા, સંપ્રતિ કાલે જાસ;
શ્રી જ્ઞાનવિમલસૂરિ, નામે લીલ વિલાસ ॥૪॥

(પછી નમુત્થુણં૦ અરિહંત ચેઈ૦ અન્નત્થં૦ કહી પૂર્વની જેમ નીચેની ચાર થોય કહેવી.)

## ॥ દ્વિતીય થોય જોડો ॥

(રાગ : મનોહર મૂરતિ મહાવીર તણી)

ત્રેસઠ લખ પૂરવ રાજ્ય કરી, લીયે સંયમ અતિ આણંદ ધરી;
વરસ સહસેં કેવલ લચ્છી વરી, એક લાખ પૂર્વે શિવરમણી વરી ॥૧॥

ચોવીશે પહિલા ઋષભ થયા, અનુક્રમે ત્રેવીશ જિણંદ ભયા;
ચૈત્રી પૂનમ દિન તેહ નમો, જિમ દુર્ગતિ દુઃખમાં દુર ગમો ॥૨॥

એકવીસ એકતાલીસ નામ કહ્યાં, આગમે ગુરુ વયણે તેહ લહ્યાં;
અતિશય મહિમા ઇમ જાણીએ, તે નિશદિન મનમાં આણીએ ॥૩॥

શત્રુંજયના સવિ વિઘ્ન હરે, ચક્કેસરી દેવી ભક્તિ કરે;
કહે જ્ઞાનવિમલસૂરીસરુ, જિનશાસન તે હોજો જયકરું ॥૪॥

પછી નમુત્થુણં૦ કહી, જાવંતિ૦ ખમાસમણ આપી, જાવંત૦ નમોઽર્હત્૦ કહી શ્રી સિદ્ધાચલજીનું સ્તવન કહેવું.



Scanned with CamScanner

## ॥ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ॥

(રાગ : શ્રી સુપાર્શ્વ જિનરાજ)

સિદ્ધાચલ ગુણગેહ, ભવિ પ્રણમો ધરી નેહ;
આજ હો સોહે રે મન મોહે તીરથ રાજીયોજી ॥૧॥

આદીશ્વર અરિહંત, મુગતિ વધૂનો કંત;
આજ હો પૂરવ વાર નવાણું આવી સમોસર્યા જી ॥૨॥

સકલ સુરાસરુ રાજ, કિન્નર દેવ સમાજ;
આજ હો સેવા રે સારે કર જોડી કરી જી ॥૩॥

દરશનથી દુઃખ દૂર, સેવે સુખ ભરપૂર;
આજ હો એણે રે કલિકાલે કલ્પતરુ અછે જી ॥૪॥

પુંડરિકગિરિધ્યાન, લહીએ બહુ યશમાન;
આજ હો દીપે રે અધિકી તસ જ્ઞાન કલા ઘણી જી ॥૫॥

પછી જયવીયરાય અર્ધા-આભવમખંડા સુધી કહીને ખમાસમણ આપી ત્રીજું ચૈત્યવંદન, કહેવું.

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

પ્રથમ નાથ પ્રગટ પ્રતાપ, જેહનો જગ રાજે;
પાપ તાપ સંતાપ વ્યાપ, જસ નામે ભાંજે ॥૧॥

પરમ તત્ત્વ પરમાત્મ રૂપ, પરમાનંદ દાઈ;
પરમ જ્યોતિ જસ જળહળે, પરમ પ્રભુતા પાઈ ॥૨॥

ચિદાનંદ સુખ સંપદા એ, વિલસે અક્ષય સનૂર;
ઋષભદેવને ચરણે નમે, શ્રી જ્ઞાનવિમલ ગુણસૂર ॥૩॥

પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ જયવીયરાય સંપૂર્ણ કહેવા. ત્યાર બાદ સંતિકરં કહેવું.



Scanned with CamScanner

## ॥ શ્રી સંતિકરં સ્તવનમ્ ॥

સંતિકરં સંતિજિણં, જગસરણં જયસિરીઈ દાયારં;
સમરામિ ભત્તપાલગ, નિવ્વાણી- ગરૂડકયસેવં ॥૧॥

ૐ સનમો વિપ્પોસહિ-પત્તાણં સંતિસામિપાયાણં;
ઝ્રૌં સ્વાહા મંતેણં, સવ્વાસિવદુરિઅહરણાણં ॥૨॥

ૐ સંતિ નમુક્કારો, ખેલોસહિમાઈ લદ્ધિ પત્તાણં;
સૌં હ્રીં નમો સવ્વોસહિ-પત્તાણં ચ દેઈ સિરિં ॥૩॥

વાણી તિહુઅણ સામિણિ, સિરિદેવી જક્ખરાય ગણિ પિડગા;
ગહદિસિપાલ-સુરિંદા, સયાવિ રક્ખંતુ જિણભત્તે ॥૪॥

રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી વજ્જસિંખલા ય સયા;
વજ્જંકુસિ ચક્કેસરિ, નરદત્તા કાલી મહાકાલી ॥૫॥

ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અ વઈરુટ્ટા;
અચ્છુત્તા માણસિઆ, મહામાણસિઆઓ દેવીઓ ॥૬॥

જક્ખા ગોમુહ મહજક્ખ, તિમુહ જક્ખેસ તુંબરૂ કુસુમો;
માયંગ વિજય-અજિઆ, બંભો મણુઓ સુરકુમારો ॥૭॥

છમ્મુહ પયાલ કિન્નર, ગરુલો ગંધવ્વ તહ ય જક્ખિંદો;
કુબેર વરુણો ભિઉડી, ગોમેહો પાસ માયંગા ॥૮॥

દેવીઓ ચક્કેસરિ, અજિઆ દુરિઆરી કાલી મહાકાલી;
અચ્ચુઅ સંતા જાલા, સુતારયા-સોઅ સિરિવચ્છા ॥૯॥

ચંડા વિજયંકુસિ, પન્નઈત્તિ નિવ્વાણિ અચ્ચુઆ ધરણી;
વઈરુટ્ટ છુત્ત ગંધારી, અંબ પઉમાવઈ સિદ્ધા ॥૧૦॥



Scanned with CamScanner

ઇઅ તિત્થ-રક્ખણરયા, અન્નેવિ સુરા સુરી ય ચઉહાવિ;
વંતર-જોઈણિ-પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં ॥૧૧॥
એવં સુદિટ્ઠિ-સુરગણ; સહિઓ સંઘસ્સ સંતિ જિણચંદો;
મજ્ઝવિ કરેઉ રક્ખં, મુણિસુંદરસૂરિ થુઅમહિમા ॥૧૨॥
ઇઅ સંતિનાહસમ્મદિટ્ઠિ, રક્ખં સરઈ તિકાલં જો;
સવ્વોવદ્દવરહિઓ, સ લહઈ સુહ સંપયં પરમં ॥૧૩॥
તવગચ્છગયણદિણયર; જુગવર સિરિસોમસુંદરગુરુણં;
સુપસાયલદ્ધ ગણહર-વિજ્જાસિદ્ધી ભણઈ સીસો ॥૧૪॥

પછી દશ નવકાર ગણવા અને ત્યાર પછી ખમાસમણ પૂર્વક શ્રી શત્રુંજયનાં એકવીશ નામ લેવા. ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ - શ્રી શત્રુંજયાય નમઃ આ પ્રમાણે ૨૧ ખમા૦ આપવા.

૧. શ્રી શત્રુંજયાય નમઃ
૨. શ્રી પુંડરિકાય નમઃ
૩. શ્રી સિદ્ધક્ષેત્રાય નમઃ
૪. શ્રી વિમલાચલાય નમઃ
૫. શ્રી સુરગિરયે નમઃ
૬. શ્રી મહાગિરયે નમઃ
૭. શ્રી પુણ્યરાશયે નમઃ
૮. શ્રી શ્રીપદાય નમઃ
૯. શ્રી પર્વતેંદ્રાય નમઃ
૧૦.શ્રી મહાતીર્થાય નમઃ
૧૧.શ્રી શાશ્વત પર્વતાય નમઃ
૧૨.શ્રી દઢશક્તયે નમઃ
૧૩.શ્રી મુક્તિનિલયાય નમઃ
૧૪.શ્રી પુષ્પદંતાય નમઃ
૧૫.શ્રી મહાપદ્માય નમઃ
૧૬.શ્રી પૃથ્વીપીઠાય નમઃ
૧૭.શ્રી સુભદ્રાય નમઃ
૧૮.શ્રી કૈલાસાય નમઃ
૧૯.શ્રી પાતાલમૂલાય નમઃ
૨૦.શ્રી અકર્મકાય નમઃ
૨૧. શ્રી સર્વકામદાય નમઃ



Scanned with CamScanner

પછી ભંડારમાં દશવાર યથાશક્તિ નાણું મૂકી, પ્રદક્ષિણાપૂર્વક સાથેનો દુહો બોલી દસ ખમાસમણ આપવા. "**સિદ્ધાચલ સમરું સદા**" આ દુહો દરેક ખમા૦ સમયે બોલવો.

## ।। દુહા ।।

શ્રી આદીશ્વર અજરઅમર, અવ્યાબાધ અહોનિશ;
પરમાતમ પરમેશ્વરૂ, પ્રણમું પરમ મુનીશ ।૧।
**"સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;**
**મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર."**
જય જય જગપતિ જ્ઞાનભાણ, ભાસિત લોકાલોક,
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક ।૨। સિ. ।
શ્રી સિદ્ધાચલ મંડણો, નાભિ નરેસર નંદ;
મિથ્યામતિમત ભંજણો, ભવિકુમુદાકર ચંદ ।૩। સિ. ।
પૂર્વ નવાણું જસ શિરે, સમવસર્યા જગનાથ;
તે સિદ્ધાચલ પ્રણમિયે ભક્તે જોડી હાથ ।૪। સિ. ।
અનંત જીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર;
તે સિદ્ધાચલ પ્રણમીયે, લહીયે મંગળમાળ ।૫। સિ. ।
જસ શિર મુકુટમનોહરૂ, મરૂદેવીનો નંદ;
તે સિદ્ધાચલ પ્રણમીયે, ઋદ્ધિ સદા સુખ વૃંદ ।૬। સિ. ।



Scanned with CamScanner

મહિમા જેહનો દાખવા, સુરગુરુ પણ મતિમંદ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પ્રગટે સહજાનંદ ।૭। સિ. ।
સત્તાધર્મ નિવારવા, કારણ જેહ પંડુર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નાસે અઘ સવિ દૂર ।૮। સિ. ।
કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હૂતાશ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામીજે સુખવાસ ।૯। સિ. ।
પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પાતિક દૂર પલાય ।૧૦। સિ. ।

જે પુણ્યવાનો ચૈત્રી પૂનમને દિને ઉપવાસ કરી ભાવપૂર્ણ વિધિપૂર્વક શ્રી સિદ્ધિગિરિરાજની યાત્રા કરે છે. તે નરક-તિર્યંચગતિનો વિચ્છેદ કરે છે અને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સર્વદા ઋદ્ધિવૃદ્ધિ સુખ સંપદા પામે છે.



Scanned with CamScanner

## ॥ દેવવંદનનો દ્વિતીય જોડો ॥

વિધિ- પૂર્વ પ્રમાણે જ જાણવી. વિશેષમાં સઘળી વસ્તુ અને સઘળી ક્રિયામાં દશને સ્થાને વીશ વીશ વસ્તુ સમજવી અને સંતિકરંને સ્થાનને નમિઊણ કહેવું, તેમજ દેવવંદનની વિધિ પ્રથમની જેમ જાણવી.

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

નાભિનરેસર વંશ મલય, ગિરિચંદન સોહે;
જસ પરિમલશું વાસિયો, ત્રિભુવન મન મોહે ॥૧॥

અપછર રંભા ઉર્વશી, જેહના અવદાત;
ગાયે અહોનિશ હર્ષશું, મરુદેવી માત ॥૨॥

નિરૂપાધિક જસ તેજશું એ, સમમય સુખનો ગેહ;
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, અખય અનંતી જેહ ॥૩॥

### ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

જિમ ચૈત્રી પૂનમ તણો, અધિકો વિધુ દીપે;
ગ્રહ તારાદિક તણા, પરમ તેજને જીપે ॥૧॥

તિમ લૌકિકના દેવ તે, તુમ આગે હીણા;
લોકોત્તર અતિશય ગુણે, રહે સુર નર લીણા ॥૨॥

નિર્વૃત્તિ નગરે જાવવા એ, એહિ જ અવિચલ સાથ;
જ્ઞાનવિમલસૂરિ એમ કહે, ભવ ભવ એ મુજ નાથ ॥૩॥



Scanned with CamScanner




Scanned with CamScanner

## ॥ પ્રથમ થોય ॥

(રાગ : રઘુપતિ રાઘવ રાજા રામ)

શ્રી શત્રુંજય મંડણ રિસહ જિણંદ, પાપ તણો ઉન્મૂલે કંદ;
મરૂદેવી માતાનો નંદ, તે વંદૂ મન ધરી આણંદ ॥૧॥

ત્રણ ચોવીશી બિહુત્તર જિના, ભાવ ધરી વંદૂ એકમના;
અતીત અનાગત ને વર્તમાન, તિમ અનંત જિનવર ધરો ધ્યાન ॥૨॥

જેહમાં પંચ કહ્યા વ્યવહાર, નય પ્રમાણ તણા વિસ્તાર;
તેહના સુણવા અર્થ વિચાર, જિમ હોય પ્રાણી અલ્પ સંસાર ॥૩॥

શ્રી જિનવરની આણા ધરે, જગ જશવાદ ઘણો વિસ્તરે;
શ્રી જ્ઞાનવિમલસૂરિ સાન્નિધ્ય કરે, શાસનદેવી સંકટ હરે ॥૪॥

## ॥ દ્વિતીય થોય ॥

(રાગ : પુન્યનું પોષણ પાપનું શોષણ)

પ્રણમો ભવિયા રિસહ જિણેસર, શંત્રુજય કેરો રાયજી,
વૃષભ લંછન જસ ચરણે સોહે, સોવન વરણી કાય જી;
ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાય જી,
ચૈત્રી પુનમને દિન જેહના, મહોટા મહોત્સવ થાય જી ॥૧॥

અષ્ટાપદ ગિરિ શિવ પદ પામ્યા, શ્રી રિસહેસર સ્વામીજી,
ચંપાએ વાસુપૂજય નરેસર, નંદન શિવગતિ ગામી જી;
વીર અપાપાપુર ગિરનારે, સિદ્ધા નેમિજિણંદોજી,
વીશ સમેતગિરિશિખરે પહોતા, એમ ચોવિશે વંદો જી, ॥૨॥



Scanned with CamScanner

આગમ નાગમતા પરે જાણો, સવિ વિષનો કરે નાશ જી,
પાપ તાપ વિષ દૂરે કરવા, નિશિદિન જેહ ઉપાસે જી;
મમતા કંચુકી કીજે અલગી, નિર્વિષતા આદરીયે જી,
ઇણીપરેસહજથકીભવતરીયે,જિમશિવસુંદરીવરીએજી ॥૩॥

કવડ જક્ષ પ્રત્યક્ષ થઈને, જેહના પરતા પૂરેજી;
દોહગ દુર્ગતિ દુર્જનનો ડર, સંકટ સઘળા ચૂરેજી;
દિનદિન દોલત દીપે અધિકી, જ્ઞાનવિમલ ગુણ નૂર જી,
જીત તણા નિશાન વજાવો, બોધિ બીજ ભરપૂર જી ॥૪॥

## ॥ પુંડરીકગિરિનું સ્તવન ॥

એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ, પૂછે શ્રી આદિજિણંદ સુખકારી રે;
કહીયે તે ભવજલ ઊતરી રે લાલ, પામીશ પરમાનંદ ભવ વારી રે ॥
એક દિન૦ ॥૧॥

કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિર્વાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિરધારી રે ॥૨॥

એમ નિસુણી તિહાં આવીયા રે લાલ, ઘાતિ કર્મ કર્યા દૂર તમ વારી રે;
પંચકોડી મુનિ પરિવર્યા રે લાલ, હુવા સિદ્ધિ હજુર ભવ વારી રે ॥૩॥

ચૈત્રી પૂનમ દિન કીજીયે રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે;
ફલ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર નર નારી રે ॥૪॥

દશ વીશ ત્રીશ ચાલીશ ભલા રે લાલ, પચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીએ રે લાલ, જિમ હોયે જ્ઞાન વિશાલ મનોહારી રે ॥૫॥

## || તૃતીય ચૈત્યવંદન ||

અજર અમર અકલંક અરૂજ, નિરજ અવિનાશી;
સિદ્ધ સરૂપી શંકરો, સંસાર ઉદાસી ||૧||
સુખ સંસારે ભોગવી, નહીં ભોગ વિલાસી,
જીતી કર્મ કષાયને, જે થયો જિત કાશી ||૨||
દાસી આશી અવગણીએ, સમીચીન સર્વાંગ,
નય કહે તસ ધ્યાને કહો, જિમ હોય નિર્મલ અંગ ||૩||

## || નમિઊણ સ્તોત્રમ્ ||

નમિઊણ પણયસુરગણ-ચૂડામણિકિરણરંજિઅં મુણિણો ।
ચલણજુઅલં મહાભય,-પણાસણં સંથવં વુચ્છં ||૧||
સડિય કર-ચરણ-નહ-મુહ, નિબુડ્ડ-નાસા વિવન્ન લાયન્ના ।
કુઠ્ઠ મહારોગાનલ,-ફુલિંગ નિદ્દઢ્ઢ સવ્વંગા ||૨||
તે તુહ ચલણારાહણ-સલિલંજલિ-સેય-વુઢ્ઢિય-ચ્છાયા ।
વણદવ દઢ્ઢા ગિરિપાયવવ્વ પત્તા પુણો લચ્છિં ||૩||
દુવ્વાય ખુભિય-જલનિહિ, ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે ।
સંભંત-ભય-વિસંઠુલ-નિજ્જામય-મુક્ક-વાવારે ||૪||
અવિદલિઅ-જાણવત્તા, ખણેણ પાવંતિ ઇચ્છિઅં કૂલં ।
પાસજિણ-ચલણ-જુઅલં, નિચ્ચં ચિઅ જે નમંતિ નરા ||૫||
ખરપવણુદ્ધુઅ વણદવ-જાલાવલિમિલિય સયલદુમ ગહણે ।
ડજ્ઝંત-મુદ્ધ-મયવહુ-ભીસણરવ-ભીસણમ્મિ વણે ||૬||



Scanned with CamScanner

જગગુરુણો કમજુઅલં, નિવ્વાવિઅ-સયલ-તિહુઅણા-ભોઅં ।
જે સંભરંતિ મણુઆ, ન કુણઈ જલણો ભયં તેસિં ॥૭॥

વિલસંત-ભોગભીસણ,-ફુરિઆરુણ-નયણ-તરલજીહાલં ।
ઉગ્ગ-ભુઅંગં નવ-જલય-સત્થહં ભીસણાયારં ॥૮॥

મન્નંતિ કીડ-સરિસં, દૂર-પરિચ્છૂઢ-વિસમ-વિસ-વેગા ।
તુહ નામક્ખર-ફુડસિદ્ધ-મંતગુરુઆ નરા લોએ ॥૯॥

અડવીસુ ભિલ્લ-તક્કર,-પુલિંદ-સદ્દૂલ-સદ્-ભીમાસુ ।
ભયવિહુર-વુન્નકાયર-ઉલ્લૂરિઅ-પહિઅ-સત્થાસુ ॥૧૦॥

અવિલુત્ત-વિહવ-સારા, તુહ નાહ ! પણામ-મત્ત-વાવારા ।
વવગય વિગ્ઘા સિગ્ઘં, પત્તા હિય-ઇચ્છિયં ઠાણં ॥૧૧॥

પજ્જલિઆનલ-નયણં, દૂર-વિયારિઅ મુહં મહાકાયં ।
નહકુલિસ-ઘાય-વિઅલિઅ,-ગઈંદ-કુંભત્થલાભોઅં ॥૧૨॥

પણય-સસંભમ-પત્થિવ, નહ મણિ-માણિક્ક-પડિઅ-પડિમસ્સ ।
તુહ વયણ-પહરણ ધરા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ ॥૧૩॥

સસિ-ધવલ-દંતમુસલં, દીહ-કરૂલ્લાલ વુઢ્ઢિઉચ્છાહં ।
મહુપિંગ-નયણજુઅલં, સસલિલ-નવ-જલહરારાવં ॥૧૪॥

ભીમં મહાગઈંદં, અચ્ચાસન્નંપિ તે ન વિ ગણંતિ ।
જે તુમ્હ ચલણ-જુઅલં, મુણિવઈ તુંગં સમલ્લીણા ॥૧૫॥

સમરમ્મિ તિક્ખખગ્ગા, ભિગ્ઘાય પવિદ્ધ-ઉદ્ધુય-કબંધે ।
કુંત-વિણિભિન્ન-કરિકલહ, મુક્ક-સિક્કાર-પઉરંમિ ॥૧૬॥



Scanned with CamScanner

નિજ્જિય-દપ્પુદ્ધર-રિઉ, નરિંદનિવહા ભડા જસં ધવલં ।
પાવંતિ પાવ-પસમિણ, પાસજિણ ! તુહપ્પભાવેણ ॥૧૭॥
રોગ-જલ-જલણ-વિસહર-ચોરારિ-મઈંદ-ગય રણભયાઈં ।
પાસજિણ-નામસંકિત્તણેણ, પસમંતિ સવ્વાઈં ॥૧૮॥
એવં મહા-ભયહરં, પાસજિણિંદસ્સ સંથવમુઆરં ।
ભવિયજણાણંદયરં, કલ્લાણ પરંપર નિહાણં ॥૧૯॥
રાયભય-જક્ખ-રક્ખસ્સ, કુસુમિણ-દુસ્સઉણ-રિક્ખપીડાસુ ।
સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ ॥૨૦॥
જો પઢઈ જો અ નિસુણઈ, તાણં કઈણો ય માણતુંગસ્સ ।
પાસો પાવં પસમેઉ, સયલ-ભુવણચ્ચિઅ-ચલણો ॥૨૧॥
ઉવસગ્ગંતે કમઠા-સુરમ્મિ ઝાણાઓ જો ન સંચલિઓ ।
સુરનર-કિન્નર જુવઈહિં, સંથુઓ જયઉ પાસજિણો ॥૨૨॥
એઅસ્સ મજ્ઝયારે, અટ્ઠારસ-અક્ખરેહિં જો મંતો ।
જો જાણઈ સો ઝાયઈ, પરમ-પયત્થં ફુડં પાસં ॥૨૩॥
પાસહ સમરણ જો કુણઈ, સંતુટ્ઠે હિયએણ ।
અટ્ઠુત્તરસય વાહિ ભય, નાસઈ તસ્સ દૂરેણ ॥૨૪॥

પછી દુહા કહેવાપૂર્વક **વીશ** ખમા૦ આપવા. દરેક ખમા૦ **"સિદ્ધાચલ સમરું સદા"** એ દુહો બોલવો.

## ॥ દુહા ॥

શ્રદ્ધા ભાસન રમણતા, રત્નત્રયીને હેતુ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ભવમકરાકર સેતુ ।૧।

**"સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;**
**મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર."**

મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સહાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સુરનર જસગુણ ગાય ।૨। સિ. ।

પુંડરિક ગણધર પ્રમુખ, સિધ્યા સાધુ અનેક;
તે તીર્થેશ્વર પ્રણમીયે આણી હૃદય વિવેક ।૩। સિ. ।

ચંદ્રશેખર સ્વસાપતિ, જેહને સંગે સિદ્ધ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામીજે નિજ ઋદ્ધ ।૪। સિ. ।

જલચર ખેચર તિરિય સવે, પામ્યા આતમભાવ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ભવજલતારક નાવ ।૫। સિ. ।

સંઘયાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, છેદી જે ગતિ ચાર ।૬। સિ. ।

પુષ્ટિ શુદ્ધિ સંવેગ રસ, જેહને ધ્યાને થાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મિથ્યામતિ સવિ જાય ।૭। સિ. ।

સુરતરૂ સુરમણી સુરગવી, સુરઘટ સમ જસ ધ્યાવ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પ્રગટે શુદ્ધ સ્વભાવ ।૮। સિ. ।

સુરલોકે સુરસુંદરી, મળી મળી થોકે થોક;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ગાવે જેહના શ્લોક ।૯। સિ. ।



Scanned with CamScanner

યોગીશ્વર જસ દર્શને, ધ્યાન સમાધિ લીન;
તે તીર્થેશ્વર પ્રણમીયે, હુઆ અનુભવ રસ લીન ।૧૦। સિ. ।

માનું ગગને સૂર્ય શશી, દિયે પ્રદક્ષિણા નિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહિમા દેખણ ચિત્ત ।૧૧। સિ. ।

સુર અસુર નર કિન્નરા, રહે છે જેહની પાસ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામે લીલ વિલાસ ।૧૨। સિ. ।

મંગલકારી જેહની, મૃત્તિકાહારી ભેટ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, કુમતિ કદાગ્રહ ભેટ ।૧૩। સિ. ।

કુમતિ કૌશિક જેહને, દેખી ઝાંખા થાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સવિ તસ મહિમા ગાય ।૧૪। સિ. ।

સૂરજ કૂંડના નીરથી, આધિ વ્યાધિ પલાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જસ મહિમા ન કહાય ।૧૫। સિ. ।

સુંદર ટૂંક સોહામણી, મેરૂ સમ પ્રાસાદ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દૂર ટલે વિખવાદ ।૧૬। સિ. ।

દ્રવ્ય ભાવ વૈરી ઘણાં, જિહાં આવ્યે હોય શાંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જાયે ભવની ભ્રાંત ।૧૭। સિ. ।

જગહિતકારી જિનવરા, આવ્યા ઈણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જસ મહિમા ઉદ્દામ ।૧૮। સિ. ।

નદી શેત્રુંજી સ્નાનથી, મિથ્યામળ ધોવાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સવિ જનને સુખદાય ।૧૯। સિ. ।

આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જિહાં નવિ આવે કાક ।૨૦। સિ. ।



Scanned with CamScanner

# ॥ અથ દેવવંદનનો તૃતીય જોડો ॥

વિધિ - પૂર્વ પ્રમાણે વિધિ જાણવી. વિશેષમાં સઘળી વસ્તુ અને સઘળી ક્રિયામાં દશને સ્થાને ત્રીશ ત્રીશ વસ્તુઓ સમજવી અને સંતિકરંને સ્થાને 'જયતિહુઅણ સ્તોત્ર કહેવું તેમજ દેવવંદનની વિધિ પ્રથમની જેમ જાણવી.

## ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

આદીશ્વર જિનરાયનો, પહેલો જે ગણધાર;
પુંડરીક નામે થયો, ભવિ જનને સુખકાર ॥૧॥

ચૈત્રી પૂનમને દિને, કેવલસિરિ પામી,
ઇણ ગિરિ તેહથી પુંડરીકગિરિ, અભિધા પામી ॥૨॥

પંચ કોડી મુનિશું લહ્યા એ, કરી અનશન શિવ ઠામ;
જ્ઞાનવિમલસૂરિ તેહના, પય પ્રણમે અભિરામ ॥૩॥

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

જાઈ જુઈ માલતી, દમણો ને મરૂવો;
ચંપક કેતકી કુંદ જાતિ, જસ પરિમલ ગિરૂવો ॥૧॥

બોલસિરિ જાસુલવેલી; વાલો મંદાર,
સુરભિ નાગ પુન્નાગ અશોક, વળી વિવિધ પ્રકાર ॥૨॥

ગ્રંથિમ વેઢિમ ચઉવિધે એ, ચારૂ રચી વરમાલ,
નય કહે શ્રી જિન પૂજતાં; ચૈત્રી દિન મંગલમાલ ॥૩॥



Scanned with CamScanner

સિદ્ધાચલગિરિ ભેટ્યા રે,
ધન્ય ભાગ્ય હમારા.



Scanned with CamScanner

## ।। પ્રથમ થોય જોડો ।।

(રાગ : શ્રી શત્રુંજય મંડન)

ચૈત્રી પૂનમ દિન, શત્રુંજય ગિરિ અહિઠાણ,
પુંડરીક વર ગણધર, તિહાં પામ્યા નિર્વાણ;
આદીશ્વર કેરા, શિષ્ય પ્રથમ જયકાર,
કેવલ કમલા વર, નાભિનરિંદ મલ્હાર ।।૧।।

ચાર જંબૂદ્વીપે, વિચરંતા જિનદેવ,
અડ ધાતકીખંડે, સુરનર સારે સેવ;
અડપુષ્કર અર્ધે, ઇણિ પરે વીશ જિનેશ,
સંપ્રતિ એ સોહે, પંચ વિદેહ નિવેશ ।।૨।।

પ્રવચન પ્રવહણ સમ, ભવજલ નિધિથી તારે,
ક્રોધાદિક મહોટા, મત્સ્ય તણા ભય વારે;
જિહાં જીવદયા રસ, સરસ સુધારસ દાખ્યો,
ભવિ ભાવ ધરીને, ચિત્ત કરીને ચાખ્યો ।।૩।।

જિનશાસન સાન્નિધ્ય, કારી વિઘન વિદારે,
સમકિતદૃષ્ટિ સુર, મહિમા જાસ વધારે;
શત્રુંજય ગિરિ સેવો, જેમ પામો ભવ પાર,
કવિ ધીર વિમલનો, શિષ્ય કહે સુખકાર ।।૪।।



Scanned with CamScanner

## ॥ દ્વિતીય થોય જોડો ॥

(રાગ : કલ્લાણ કંદં પઢમં જિણીંદં)

વંદુ સદા શત્રુંજય તીર્થરાજે, ચુડામણી આદિ જિણંદ ગાજે;
દુઠ્ઠ કમ્મઠ્ઠ વિરોધ ભાજે, માનું શિવારોહણ એહ પાજે ॥૧॥

દેવાધિદેવા કૃત દેવ સેવા, સંભારીયે જ્યું ગજ ચિત્ત રેવા;
સવ્વેવિ તે થુત્તિથુયા મહિયા, અણાગયા સંપઈ જે અઈયા ॥૨॥

જે મોહના યોધ વડા કહાયા, ચત્તારિ દુઠ્ઠા કસિણા કસાયા;
તે જીતીયે આગમ ચક્ખુ પામી, સંસાર પારૂત્તરણાય ધામી ॥૩॥

ચક્કેસરી ગોમુહ દેવજુત્તા, રક્ષા કરી સેવય ભાવ પત્તા;
દિયો સયા નિમ્મલ નાણ લચ્છી, હોવે પસન્ના શિવ સિદ્ધિ લચ્છી ॥૪॥

## ॥ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ॥

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો;
ઘેર બેઠાં પણ બહુ ફલ પાવો, ભવિકા બહુ ફલ પાવો ॥૧॥

નંદીશ્વર યાત્રાયે જે ફલ હોવે,
તેથી બમણું ફલ તે કુંડલગિરિ હોવે, ભવિકા ॥ કું૦ ॥૨॥

ત્રિગણું રૂચક ગિરિ, ચઉગજદંતા,
તેથી બમણેરું ફલ જંબૂ મહંતા, ભવિકા ॥ જંબૂ૦ ॥૩॥

ષડ્ગણું ધાતકી, ચૈત્ય જુહારે;
છત્રીશ ગણુંફલ, પુષ્કર વિહારે, ભવિકા ॥ પુ૦ ॥૪॥



Scanned with CamScanner

તેહથી તેરસ ગણું, મેરૂ ચૈત્ય જુહારે;
સહસગણું ફળ, સમ્મેત શિખરે, ભવિકા ।। સ૦ ।।૫।।

લાખ ગણું ફલ, અંજન ગિરિ જુહારે,
દશ લાખ ગણું ફલ, અષ્ટાપદ ગિરનારે, ભવિકા ।। અ૦ ।।૬।।

કોડી ગણું ફલ, શ્રી શત્રુંજે ભેટે,
જેમ રે અનાદિના, દુરિત ઉમેટે, ભવિકા ।। દુ૦ ।।૭।।

ભાવ અનંતે અનંત ફલ પાવે,
જ્ઞાનવિમલસૂરિ, એમ ગુણ ગાવે, ભવિકા ।। એ૦ ।।૮।।

## ।। તૃતીય ચૈત્યવંદન ।।

ચૈત્ર પૂનમને દિન, જે ઇણ ગિરિ આવે;
આઠ સત્તર બહુ ભેદશું, જે ભક્તિ રચાવે ।।૧।।

આદીશ્વર અરિહંતની, તસ સઘલાં કર્મ,
દૂર ટલે સંપદ મલે, ભાંજે ભવ ભર્મ ।।૨।।

ઇહ ભવ પરભવ ભવભવે એ, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ;
જ્ઞાનવિમલ ગુણમણિ તણો, ત્રિભુવન તિલક સમાન ।।૩।।

*



Scanned with CamScanner

## ॥ જયતિહુઅણ સ્તોત્રમ્ ॥

જય તિહુઅણ વરકપ્પરૂક્ખ્ !, જય જિણધન્નંતરિ !
જય તિહુઅણ કલ્લાણકોસ, ! દુરિઅક્કરિકેસરિ !;
તિહુઅણ જણ અવિલંઘિઆણ, ભુવણત્તય સામિઅ !
કુણસુ સુહાઈ જિણેસ, પાસથંભણપુરટ્ઠિઅ ॥૧॥

તઈ સમરંત લહંતિ, ઝત્તિવરપુત્તકલત્તઈ;
ધણ્ણ સુવણ્ણ હિરણ્ણ પુણ્ણ, જણ ભુંજઈ રજ્જઈ;
પિક્ખઈ મુક્ખ અસંખસુક્ખ, તુહ પાસ ! પસાઈણ;
ઇઅ તિહુઅણવરકપ્પરુક્ખ !, સુક્ખઈ કુણ મહ જિણ ! ॥૨॥

જરજ્જજરપરિ જુણ્ણકણ્ણ, નટ્ઠટ્ઠસુકુટ્ઠિણ,
ચક્ખુક્ખીણખએણ ખુણ્ણ, નરસલ્લિયસૂલિણ;
તુહ જિણ સરણરસાયણેણ, લહુ હુંતિ પુણણ્ણવ,
જય ધન્નંતરિ પાસ મહવિ, તુહ રોગહરો ભવ ॥૩॥

વિજ્જાજોઈસમંતતંત, સિદ્ધઉ અપયત્તિણ,
ભુવણબ્ભુઉ અટ્ઠવિહ, સિદ્ધિ સિજ્ઝહિ તુહ નામિણ;
તુહ નામિણ અપવિત્તઓવિ, જણ હોઈ પવિત્તઉ,
તં તિહુઅણ કલ્લાણકોસ, તુહ પાસ નિરુત્તઉ ॥૪॥

ખુદ્દ પઉત્તઈ મંતતંત, જંતાઈ વિસુત્તઈ,
ચર થિરગરલગહુગ્ગખગ્ગ, રિઉવગ્ગુ વિગંજઈ,
દુત્થિયસત્થ અણત્થ પત્થ, નિત્થારઈ દય કરિ;
દુરિયઈ હરઉ સ પાસ, દેઉ દુરિયક્કરિકેસરિ ॥૫॥



Scanned with CamScanner

તુહ આણા થંભેઈ, ભીમદપ્પુદ્ધર સુરવર,
રક્ખસજક્ખફણિંદવિંદ, ચોરાનલજલહર;
જલથલ ચારિરઉદ્-ખુદ્દ,-પસુજોઈણિ જોઈય;
ઈય તિહુઅણ અવિલંઘિઆણ, જય પાસસુસામિય ॥૬॥

પત્થિય અત્થ અણત્થ તત્થ, ભત્તિબ્ભર નિબ્ભર,
રોમંચંચિયચારુકાય, કિન્નરનર સુરવર;
જસુ સેવહિ કમકમલજુયલ, પક્ખાલિય કલિમલુ;
સો ભુવણત્તયસામિ પાસ, મહ મદ્દઉ રિઉબલુ ॥૭॥

જય જોઈય મણ કમલભસલ, ભયપંજરકુંજર;
તિહુઅણજણઆણંદચંદ, ભુવણત્તયદિણયર;
જય મઈમેઈણિ વારિવાહ, જય જંતુપિયામહ,
થંભણયઠ્ઠિયપાસનાહ, નાહત્તણ કુણ મહ ॥૮॥

બહુ વિહુ વન્નુ અવન્નુ સુન્નુ, વન્નિઉ છપ્પન્નિહિ,
મુક્ખધમ્મકામત્થકામ, નરનિયનિય સત્થિહિ;
જં ઝાયહિ બહુ દરિસણત્થ, બહુનામ પસિદ્ધઉ !
સો જોઈય મણ કમલ ભસલ, સુહુ પાસ પવદ્ધઉ ॥૯॥

ભય વિબ્ભલ-રણ-ઝણિર-દસણ, થરહરિયસરીરય,
તરલિય નયણ વિસુન્નસુન્ન, ગગ્ગરગિર કરુણય;
તઈ સહસત્તિ સરંત હુંતિ, નરનાસિયગુરુદર,
મહ વિજ્ઝવિ સિજ્ઝિસઈ, પાસ ભયપંજર-કુંજર ! ॥૧૦॥



Scanned with CamScanner

પઈ પાસિ વિયસંતનિત્તપતંત પવિત્તિય,
બાહપવાહપવૂઢરૂઢ, દુહદાહસુ પુલઈય;
મન્નઈ મન્નુ સઉન્નુ, પુન્નુ અપ્પાણં સુરનર;
ઇય તિહુયણઆણંદ ચંદ જય પાસજિણેસર ||૧૧||

તુહ કલ્લાણમહે સુઘંટ ટંકારવપિલ્લિય,
વલ્લિર મલ્લમહલ્લભત્તિ સુરવર ગંજુલ્લિય,
હલ્લુપ્ફલિય પવત્તયંતિ ભુવણેવિ મહૂસવ
ઇય તિહુઅણ આણંદ ચંદ જય પાસ સુહબ્ભવ ||૧૨||

નિમ્મલકેવલકિરણ નિયરવિહુરિયતમ પહયર;
દંસિયસયલપયત્થસત્થ વિત્થરિય પહાયર;
કલિકલુસિય જણ ધૂયલોયલોયણહ-અગોયર;
તિમિરઈ નિરુહર પાસનાહ ભુવણત્તય દિણયર ||૧૩||

તુહ સમરણ જલવરિસ સિત્તમાણવમઈમેઈણિ;
અવરાવર સુહુમત્થબોહકંદલદલરેહણિ
જાયઈ ફલભરભરિય હરિય દુહદાહઅણોવમ;
ઇય મઈમેઈણિવારિવાહ દિસ પાસ મઈં મમ ||૧૪||

કય અવિકલ કલ્લાણવલ્લિ ઉલ્લુરિયદુહવણુ;
દાવિયસગ્ગપવગ્ગમગ્ગ દુગ્ગઈ ગમવારણુ;
જય જંતુહ જણએણ તુલ્લ જંજણિય હિયાવહુ;
રમ્મુ ધમ્મુ સો જયઉં પાસ ! જય જંતુ પિયામહુ ||૧૫||


Scanned with CamScanner

ભુવણારણ્ણ નિવાસ દરિય પરદરિસણ દેવય;
જોઈણિ પૂયણ ખિત્તવાલ ખુદાસુર પસુવય;
તુહ ઉત્તકુસુનકુસકુ અવિસંઠુલુ ચિઠ્ઠહિ;
ઇય તિહુઅણ વણસીહ પાસ ! પાવાઈ પણાસહિ ॥૧૬॥

ફણિફણ ફારફુરંત રયણ કરરંજિય નહયલ;
ફલિણી કંદલદલતમાલ નીલુપ્પલ સામલ;
કમઠાસુર ઉવસગ્ગ વગ્ગ સંસગ્ગ અગંજિય;
જય પચ્ચક્ખજિણેસ પાસ થંભણયપુરટ્ઠિય ॥૧૭॥

મહમણુ તરલુ પમાણુ નેય વાયાવિ વિસંઠુલુ;
નેય તણુરવિ અવિણય- સહાવુઅલસવિહલંઘલુ;
તુહ માહપ્પુ પમાણુ દેવ ! કારુણ્ણ પવિત્તઉ;
ઇય મઈમા અવહીરિ પાસ પાલિહિ વિલવંતઉ ॥૧૮॥

કિં કિં કપ્પિઉ નેય કલુણુ કિંકિં વન જંપિઉ;
કિં વન ચિટ્ઠિઉ કિટ્ઠ દેવ ! દીણયમવલંબિઉં
કાસુ ન કિય નિપ્ફલ્લલલ્લિ અમ્હે હિ દુહત્તિહિ;
તહવિ ન પત્તઉતાણુ કિં પિ પઈ પહુ પરિચત્તિહિ ॥૧૯॥

તુહુ સામિઉ તુહુ માય બપ્પુ તુહુ મિત્ત પિયંકરુ;
તુહુ ગઈ તુહુ મઈ તુહુ જીતાણુ તુહુ ગુરુખેમંકરુ;
હઉં દુહભરભારિઉ વરાઉ રાઉલ નિબ્ભગ્ગહ;
લીણઊ તુહ કમકમલ સરણુ જીણ પાલહિ ચંગહ ॥૨૦॥



Scanned with CamScanner

પઈ કિવિ કય નીરોયલોય કિવિ પાવિય સુહસય;
કિવિ મઈમંત મહંત કેવિ કિવિ સાહિયસિવપય;
કિવિ ગંજિયરિઉવગ્ગકેવિ જસધવલિય ભુયલ;
મઈ અવહીરહિ કેણ પાસ સરણાગયવચ્છલ ! ॥૨૧॥

પચ્ચુવયારનિરીહ નાહ નિપ્ફન્ન પઓયણ
તુહજિણપાસ પરોવયાર કરણિક્ક-પરાયણ;
સત્તુમિત્તસમચિત્ત વિત્તિ નયનિંદય-સમમણ;
મા અવહીરિઅજુગ્ગઉવિ મઈ પાસનિરંજણ ! ॥૨૨॥

હઉ બહુ વિહદુહતત્તગુત્ત તુહ દુહનાસણ પરૂ;
હઉ સુયણહ કરુણિક્કઠાણુ તુહુ નિરૂકરુણાયરુ;
હઉ જિણપાસ અસામિસાલુ તુહ તિહુઅણ સામિય;
જં અવહીરહિ મઈ ઝખંત ઇય પાસ ન સોહિય ॥૨૩॥

જુગ્ગાજુગ્ગ વિભાગ નાહ નહુ જોયહિ તુહ સમ;
ભુવણુ વયાર-સહાવભાવ-કરૂણારસ-સત્તમ;
સમવિસમઈ કિં ઘણું નિયઈ ભુવિ દાહ સમંતઉ;
ઇય દુહિબંધવ પાસનાહ મઈપાલ થુણંતઉ ॥૨૪॥

નય દીણહ દીણયુ મુયવિ અન્નુવિ કિવિ જુગ્ગય;
જં જોઈવિ ઉવયાર કરહિ ઉવયાર સમુજ્જય;
દીણહ દીણુ નિહીણુ જેણ તઈનાહિણ ચત્તઉ;
તો જુગ્ગઉ અહમેવ પાસ પાલહિ મઈ ચંગઉ ॥૨૫॥



Scanned with CamScanner

અહ અન્નુવિ જુગ્ગય વિસેસુ કિવિ મન્નહિ દીણહ;
જં પાસિવિ ઉવયારૂ કરઈ તુહ નાહ સમગ્ગહ;
સુચ્ચિય કિલ કલ્લાણુ જેણ જિણ તુમ્હ પસીયહ,
કિં અન્નિણતં ચેવ દેવ ! મા મઈ અવહીરહ ॥૨૬॥

તુહ પત્થણ ન હુ હોઈ વિહલુ જિણ જાણઉ કિં પુણ
હઉ દુક્ખિય નિરુસત્તચત્ત દુક્ખહુ ઉસ્સુયમણ;
તં મન્નઉ નિમિસેણ એઉ એઉવિ જઈ લબ્ભઈ,
સચ્ચં જં ભુક્ખિયવસેણ કિં ઉંબરુ પચ્ચઈ ॥૨૭॥

તિહુઅણ સામિય પાસ નાહ મઈ અપ્પુ પયાસિઉ,
કિજ્જઉ જં નિયરૂવ સરિસુ ન મુણઉ બહુ જંપીઉ;
અન્નુ ન જિણ જગ્ગિ તુહ સમોવિ દક્ખિન્નુદયાસઉ,
જઈ અવગન્નસિ તુહ જિણ અહહ કહ હોસુ હયાસઉ ॥૨૮॥

જઈ તુહ રૂવિણ કિણવિ પેય પાઈણ વેલવિયઉ;
તુ વિ જાણઉ જિણ પાસ તુમ્હિ હઉં અંગીકરિઉ;
ઇય મહ ઇચ્છિઉ જં ન હોઈ સા તુહ ઓહાવણુ,
રક્ખંતહ નિય કિત્તિણેય ! જુજ્જઈ અવહીરણુ ॥૨૯॥

એહ મહારિયજત્ત દેવ ઇહુ ન્હવણ મહૂસઉ;
જં અણલિય ગુણ ગહણ તુમ્હ મુણિજણ અણિસિદ્ધઉ;
એસ પસીય સુપાસનાહ થંભણયપુરટ્ઠિય;
ઇય મુણિવરુ સિરિ અભયદેઉ વિન્નવઈ અણિંદિય ॥૩૦॥

પછી દુહા કહેવા પૂર્વક ત્રીશ ખમા૦ આપવા. દરેક ખમા૦ **"સિદ્ધાચલ સમરું સદા"** એ દુહો બોલવો.



Scanned with CamScanner

## ।। દુહા ।।

સિદ્ધશીલા તપનીયમય રત્નસ્ફાટિક ખાણ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા કેવલ નાણ ।૧।

**"સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;**
**મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર."**

સોવનરૂપા રત્નની, ઔષધિ જાત અનેક;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ન રહે પાતક એક ।૨। સિ. ।

સંયમધારી સંયમે, પાવન હોય જિણ ક્ષેત્ર;
તે તીર્થેશ્વર પ્રણમિયે, દેવા નિર્મળ નેત્ર ।૩। સિ. ।

શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઉત્સવ પૂજા સ્નાત્ર;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પોષે પાત્ર સુપાત્ર ।૪। સિ. ।

સાહમ્મિવત્સલ પુણ્ય જિહાં, અનંતગણું કહેવાય;
તે તીર્થેશ્વર પ્રણમિયે, સોવન ફૂલ વધાય ।૫। સિ. ।

સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ત્રિભુવન માંહે વિદિત ।૬। સિ. ।

પાલિતાણું પુર ભલું, સરોવર સુંદર પાલ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, જાયે સકલ જંજાલ ।૭। સિ. ।

મનમોહન પાગે ચઢે, પગપગ કર્મ ખપાય;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ગુણગુણી ભાવ લખાય ।૮। સિ. ।

જેણે ગિરિ રૂખ સોહામણાં, કુંડે નિર્મલ નીર;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ઉતારે ભવ-તીર ।૯। સિ. ।



Scanned with CamScanner

મુક્તિમંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, લહીયે શિવપુર રાજ ।૧૦। સિ. ।

કર્મ કોટિ અઘ વિકટભટ, દેખી ધ્રુજે અંગ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, દિનદિન ચઢતે રંગ ।૧૧। સિ. ।

ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત;
તે તીર્થેશ્વર પ્રણમિયે, સુખે શાસન રીત ।૧૨। સિ. ।

કવડજક્ષ રખવાલ જસ, અહોનિશ રહે હુજુર;
તે તીર્થેશ્વર પ્રણમિયે, અસુરાં રાખે દૂર ।૧૩। સિ. ।

ચિત્ત ચાતુરી ચક્કેસરી, વિઘ્નવિનાશણહાર;
તે તીર્થેશ્વર પ્રણમિયે, સંઘ તણી કરે સાર ।૧૪। સિ. ।

સુરવરમાં મઘવા થયા, ગ્રહગણમાં જિમ ચંદ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, તિમ સવિ તીરથ ઇંદ ।૧૫। સિ. ।

દીઠે દુર્ગતિ વારણો, સમર્યો સારે કાજ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, સવિ તીરથ શિરતાજ ।૧૬। સિ. ।

પુંડરિક પંચ કોડી શું, પામ્યા કેવલનાણ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, કર્મ તણી હોય હાણ ।૧૭। સિ. ।

મુનિવર કોડી દસ સહિત, દ્રાવિડ ને વારિખેણ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ચઢિયા શિવ-નિશ્રેણ ।૧૮। સિ. ।

નમિ-વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિ સાથ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પામીયા શિવપુર આથ ।૧૯। સિ. ।



Scanned with CamScanner

ઋષભવંશીય નરપતિ ઘણા, ઇણે ગિરિ પહોતા મોક્ષ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ટાલ્યા પાતક દોષ ।૨૦। સિ. ।

રામ-ભરત બિહું બાંધવા, ત્રણ કોડી મુનિ યુત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ઇણે ગિરિ શિવ સંપત ।૨૧। સિ. ।

નારદ મુનિવર નિર્મલો, સાધુ એકાણું લાખ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પ્રવચન પ્રગટ એ સાખ ।૨૨। સિ. ।

શાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યાં, સાડિ આઠ કોડિ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પૂરવ કર્મ વિછોડિ ।૨૩। સિ. ।

થાવચ્ચાસુત સહસ શું, અણસણ રંગે કીધ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, વેગે શિવપદ લીધ ।૨૪। સિ. ।

શુક પરિવ્રાજક વળી, એક સહસ અણગાર;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા શિવપુર દ્વાર ।૨૫। સિ. ।

સેલગસૂરિ મુનિ પાંચશે, સહિત હુઆ શિવનાહ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, અંગે ધરી ઉત્સાહ ।૨૬। સિ. ।

ઇમ બહુ સિધ્યા ઇણે ગિરિ, કહેતા નાવે પાર;
તે તીર્થેશ્વર પ્રણમિયે, શાસ્ત્રમાંહે અધિકાર ।૨૭। સિ. ।

બીજ ઇહાં સમકિત તણું, રોપે આતમ ભોમ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ટાલે પાતક સ્તોમ ।૨૮। સિ. ।

બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગોહત્યા, પાપે ભારિત જેહ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પહોતા શિવપુર ગેહ ।૨૯। સિ. ।

જગ જોતાં તીરથ સવિ, એ સમ અવર ન દીઠ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, તીર્થ માંહે ઉકિટ્ઠ ।૩૦। સિ. ।



Scanned with CamScanner




Scanned with CamScanner

## ॥ દેવવંદનનો ચોથો જોડો ॥

**વિધિ** - પૂર્વ પ્રમાણે જ જાણવી. વિશેષમાં સઘળી વસ્તુ અને સઘળી ક્રિયામાં **દશને ઠેકાણે ચાલીસ ચાલીસ વસ્તુઓ** જાણવી અને **સંતિકરંને સ્થાને 'ભક્તામર સ્તોત્ર કહેવું**. તેમજ દેવવંદનની વિધિ પ્રથમની જેમ જાણવી.

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, પુંડરીક ગિરિ સાચો;
વિમલાચલને તીર્થરાજ, જસ મહિમા જાચો ॥૧॥

મુક્તિનિલય શતકૂટ નામ, પુષ્પદંત ભણીજે;
મહાપદ્મ ને સહસ્ત્ર પત્ર, ગિરિરાજ કહીજે ॥૨॥

ઇત્યાદિ બહુ ભાતિસું એ, નામ જપો નિરધાર,
ધીરવિમલ કવિરાજનો, શિષ્ય કહે સુખકાર ॥૩॥

### ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

રજત કનક મણિ જડિતનાં, ભૂષણ વિરચાવો;
તિલક મુકુટ કુંડલ યુગલ, બેહેરખા બનાવો ॥૧॥

રૂચિર જ્યોતિ મોતી તણા, કંઠે ઠવો હાર;
કંદોરો શ્રીફલ કરે, આપીજે સાર ॥૨॥

એણિ પરે બહુવિધ ભૂષણે, શોભાવો જિન દેહ;
જ્ઞાનવિમલ કહે તેહને, શિવવધુ વરે ધરી નેહ ॥૩॥

## ॥ પ્રથમ થોય જોડો ॥

(રાગ : શંખેશ્વર પાર્શ્વજી પૂજીએ)

ઋષભદેવ નમું ગુણ નિર્મલા, દૂધ માંહે ભેલી સીતોપલા;
વિમલશૈલ તણા શણગાર છે, ભવ ભવ મુજ ચિત્તે તે રૂચે ॥૧॥

જેહ અનંત થયા જિન કેવલી, જેહ હશે વિચરંતા તે વલી;
જેહ અસાસય સાસય ત્રિહું જગે, જિનપડિમા પ્રણમું નિત જગમગે ॥૨॥

સરસ આગમ અક્ષર મહોદધિ, ત્રિપદી ગંગ તરંગ કરી વધી;
ભવિક દેહ સદા પાવન કરે, દુરિત તાપ રજોમલ અપહરે ॥૩॥

જિનશાસન ભાસન કારિકા, સુરસુરી જિન આણા ધારિકા;
જ્ઞાનવિમલ પ્રભુતા દિયે દીપતિ, દુરિત દુષ્ટતણા ભય જીપતી ॥૪॥

## ॥ દ્વિતીય થોય જોડો ॥

(રાગ : આદિ જિનવર રાયા )

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો,
વિમલગિરિ વધાવો, મોતિયાં થાલ લાવો;
જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો,
ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો ॥૧॥

શુભ કેશર (ઘસી) ઘોલી, માંહે કર્પૂર ચોલી,
પહેરી સિત પટોલી, વાસિયે ગંધ ઘોલી;
ભરી પુષ્કર નોલી, ટાલીયે દુઃખ હોલી,
સવિ જીનવર ટોલી, પૂજીયે ભાવ ભોલી ॥૨॥



Scanned with CamScanner

શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર,
વલી મૂલ સૂત્ર ચાર, નંદી અનુયોગદ્વાર;
દશ પયન્ના ઉદાર, છેદ ષટ્ વૃત્તિ સાર,
પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિસાર ॥૩॥

જય જય જયનંદા, જૈનદષ્ટિ સૂરીંદા;
કરે પરમાનંદા, ટાલતા દુઃખ દંદા;
જ્ઞાનવિમલ સૂરીંદા, સામ્ય માકંદ કંદા;
વર વિમલ ગિરિંદા, ધ્યાનથી નિત્ય ભદ્દા ॥૪॥

## ॥ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ॥

(રાગ : આજ મ્હારા નયણા સફળ થયા)

એ ગિરૂઓ ગિરિ રાજીઓ, પ્રણમીજે ભાવે,
ભવ ભવ સંચિત આકરાં, પાતકડાં જાવે ॥૧॥

વજ્રલેપ સમ જે હોવે, તે પણ તસ દૂર;
એહનું દર્શન કીજીએ, ધરી ભક્તિ પંડુર ॥૨॥

ચંદ્રશેખર રાજા થયો, નિજ ભગિની લુબ્ધો;
તે પણ એ ગિરિ સેવતાં, ક્ષણ માંહે સિધ્યો ॥૩॥

શુક રાજા જય પામીયો, એહને સુપસાયે,
ગૌહત્યાદિક પાપ જે, તે દૂર પલાયે ॥૪॥

અગમ્ય અપેય અભક્ષ્ય જે, કીધાં જેણે પ્રાણી;
તે નિર્મલ ઇણ ગિરિ થયા, એ જિનવર વાણી ॥૫॥



Scanned with CamScanner

વાઘ સર્પ પ્રમુખા પશુ, તે પણ શિવ પામ્યા;
એ તીરથ સેવ્યા થકી, સવિ પાતક વામ્યા ॥૬॥
ચૈત્રી પૂનમે વંદતાં, ટલે દુઃખ ક્લેશ;
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, હોય સુજસ વિશેષ ॥૭॥

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

પ્રેમે પ્રણમો પ્રથમ દેવ, શત્રુંજય ગિરિ મંડન;
ભવિયણ મન આનંદ કરણ, દુઃખ દોહગ ખંડણ ॥૧॥
સુર નર કિન્નર નમે તુજ, ભક્તિશું પાયા;
પાવ પંક ફેડે સમત્થ, પ્રભુ ત્રિભુવન રાયા ॥૨॥
જ્ઞાનવિમલ પ્રભુ તુમ તણે, ચરણે શરણે રાખો;
કર જોડીને વિનવું, મુક્તિમાર્ગ મુજ દાખો ॥૩॥



Scanned with CamScanner

## ॥ શ્રી ભક્તામર સ્તોત્રમ્ ॥

ભક્તામર પ્રણત મૌલિમણિપ્રભાણા
મુદ્યોતકં દલિત-પાપ-તમો-વિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા -
વાલમ્બનં ભવજલે પતતાં જનાનામ્ ॥૧॥

યઃ સુસ્તુતઃ સકલ વાઙ્મય તત્ત્વબોધા-
દુદ્‌ભૂત-બુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ ।
સ્તોત્રૈર્જગત્ત્રિતય-ચિત્તહરૈરુદારૈ,
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥૨॥

બુદ્ધયા વિનાપિ વિબુધા-ર્ચિત-પાદપીઠ !,
સ્તોતું સમુદ્યત મતિર્વિગત ત્રપોહમ્ ।
બાલં વિહાય જલ સંસ્થિત મિન્દુબિમ્બ-મન્યઃ
ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥૩॥

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંકકાન્તાન્,
કસ્તે ક્ષમઃ સુરગુરુ પ્રતિમોપિ બુદ્ધયા ? ।
કલ્પાન્તકાલ- પવનોદ્ધત નક્રચક્રં,
કો વા તરીતુ મલ મમ્બુનિધિં ભુજાભ્યામ્ ? ॥૪॥

સોહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ !,
કર્તું સ્તવ વિગતશક્તિ-રપિ પ્રવૃત્તઃ ।
પ્રીત્યાત્મવીર્ય-મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં,
નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥૫॥



Scanned with CamScanner

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ-ધામ,
ત્વદ્ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ,
તચ્ચારુ-ચૂત- કલિકાનિકરૈકહેતુઃ ॥૬॥

ત્વત્સંસ્તવેન ભવ-સન્તતિ-સન્નિબદ્ધં,
પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીર ભાજામ્ ।
આક્રાન્તલોક-મલિ-નીલ-મશેષ-માશુ,
સૂર્યાંશુ-ભિન્નમિવ શાર્વર- મન્ધકારમ્ ॥૭॥

મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં
મયેદ-મારભ્યતે તનુ-ધિયાપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિની દલેષુ,
મુક્તાફલ-દ્યુતિ-મુપૈતિ નનૂદબિન્દુઃ ॥૮॥

આસ્તાં તવ સ્તવન-મસ્ત-સમસ્ત દોષં,
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ ।
દૂરે સહસ્ત્રકિરણઃ કુરુતે પ્રભૈવ,
પદ્માકરેષુ જલજાનિ વિકાસભાગ્જિ ॥૯॥

નાત્યદ્ભુતં ભુવન- ભૂષણ ભૂત - નાથ !
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ ।
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા,
ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥૧૦॥



Scanned with CamScanner

દૃષ્ટ્વા ભવન્ત-મનિમેષ-વિલોકનીયં,
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।
પીત્વા પયઃ શશિકર-દ્યુતિ-દુગ્ધસિન્ધોઃ,
ક્ષારં જલં જલ નિધેરશિતું ક ઇચ્છેત્ ॥૧૧॥

યૈઃ શાન્તરાગ-રુચિભિઃ પરમાણુભિસ્ત્વં,
નિર્માપિત- સ્ત્રિભુવનૈક-લલામભૂત ! ।
તાવન્ત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં,
યત્તે સમાન-મપરં નહિ રૂપમસ્તિ ॥૧૨॥

વક્ત્રં ક્વ તે સુર-નરોરગ-નેત્રહારિ,
નિઃશેષ-નિર્જિત- જગત્ત્રિતયોપમાનમ્ ।
બિમ્બં કલંક-મલિનં ક્વ નિશાકરસ્ય ?
યદ્ વાસરે ભવતિ પાણ્ડુ- પલાશ-કલ્પમ્ ॥૧૩॥

સંપૂર્ણ-મણ્ડલ-શશાંક-કલા કલાપ,
શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ।
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર ! નાથમેકં,
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ? ॥૧૪॥

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ,-
ર્નીતં મનાગપિ મનો ન વિકાર-માર્ગમ્ ।
કલ્પાન્તકાલ-મરુતા ચલિતા-ચલેન,
કિં મન્દરાદ્રિ-શિખરં ચલિતં કદાચિત્ ? ॥૧૫॥



Scanned with CamScanner

નિર્ધૂમવર્તિ-રપવર્જિત-તૈલપૂરઃ,
કૃત્સ્નં જગત્ત્રય-મિદં પ્રકટીકરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં,
દીપોપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ. ।।૧૬।।

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।
નામ્ભોધરોદર-નિરુદ્ધમહાપ્રભાવઃ,
સૂર્યાતિશાયિ-મહિમાસિ મુનીન્દ્ર ! લોકે ।।૧૭।।

નિત્યોદયં દલિતમોહ-મહાન્ધકારં,
ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ।
વિભ્રાજતે તવ મુખાબ્જ-મનલ્પકાન્તિ,
વિદ્યોતયજ્જગદપૂર્વ- શશાંક-બિમ્બમ્ ।।૧૮।।

કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા ?
યુષ્મન્મુખેન્દુ-દલિતેષુ તમસ્સુ નાથ ! ।
નિષ્પન્ન-શાલિ-વન-શાલિનિ જીવલોકે,
કાર્યં કિયજ્જલધરૈ-ર્જલભાર- નમ્રૈઃ ? ।।૧૯।।

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં,
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં,
નૈવં તુ કાચ શકલે કિરણા કુલેપિ ।।૨૦।।

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા,
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ
કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાન્તરેપિ ॥૨૧॥

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્,
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ।
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્ત્રરશ્મિં,
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥૨૨॥

ત્વામમનન્તિ મુનયઃ પરમં
પુમાંસ-માદિત્યવર્ણ-મમલં તમસઃ પરસ્તાત્ ।
ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું,
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર ! પન્થાઃ ॥૨૩॥

ત્વામવ્યયં વિભુમચિન્ત્યમસંખ્યમાદ્યં,
બ્રહ્માણમીશ્વરમનન્ત-મનઙ્ગકેતુમ્ ।
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં,
જ્ઞાનસ્વરૂપ-મમલં પ્રવદન્તિ સન્તઃ ॥૨૪॥

બુદ્ધસ્ત્વમેવવિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્,
ત્વં શંકરોસિ ભુવનત્રય- શંકરત્વાત્ ।
ધાતાસિ ધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાદ્,
વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોસિ ॥૨૫॥

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમઃક્ષિતિ-તલામલ-ભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ! ભવોદધિ-શોષણાય ॥૨૬॥

કો વિસ્મયોત્ર ? યદિ નામ ગુણૈરશેષૈ-સ્ત્વં
સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ! ।
દોષૈરુપાત્ત-વિવિધાશ્રય-જાત-ગર્વૈઃ
સ્વપ્નાન્તરેપિ ન કદાચિદ પીક્ષિતોસિ ॥૨૭॥

ઉચ્ચૈરશોકતરુ-સંશ્રિત-મુન્મયૂખ,
-માભાતિ રૂપમમલં ભવતો નિતાન્તમ્ ।
સ્પષ્ટોલ્લસત્કિરણમસ્ત-તમોવિતાનં,
બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ॥૨૮॥

સિંહાસને મણિ-મયુખ-શિખા-વિચિત્રે,
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।
બિમ્બં વિયદ્વિલસદંશુ-લતા-વિતાનં,
તુઙ્ગોદયાદ્રિ-શિરસીવ સહસ્ત્રરશ્મેઃ ॥૨૯॥

કુન્દાવદાત-ચલચામર-ચારુશોભં,
વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્ ।
ઉદ્યચ્છશાઙ્ક- શુચિ-નિર્ઝર-વારિધાર-મુચ્ચૈસ્તટં
સુરગિરેરિવ શાતકૌમ્ભમ્ ॥૩૦॥



Scanned with CamScanner

છત્રત્રયં તવ વિભાતિ શશાઙ્કકાન્ત-મુચ્ચૈઃ
સ્થિતં સ્થગિત-ભાનુકર-પ્રતાપમ્ ।
મુક્તાફલ-પ્રકર-જાલ-વિવૃદ્ધ- શોભં,
પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥૩૧॥

ઉન્નિદ્ર-હેમ-નવપંકજ-પુંજ-કાન્તિ,-
પર્યુલ્લસન્નખ-મયૂખ-શિખાભિરામૌ ।
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ,
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥૩૨॥

ઇત્થં યથા તવ વિભૂતિ-રભૂજ્જિનેન્દ્ર !,
ધર્મોપદેશન-વિધૌ ન તથા પરસ્ય ।
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધકારા,
તાદૃક્ કુતો ગ્રહ-ગણસ્યવિકાશિનોપિ ? ॥૩૩॥

શ્ચ્યોતન્મદાવિલ-વિલોલ-કપોલમૂલ,-
મત્ત-ભ્રમદ્-ભ્રમર-નાદ-વિવૃદ્ધકોપમ્ ।
ઐરાવતાભમિભમુદ્ધત-માપતન્તં,
દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥૩૪॥

ભિન્નેભ-કુમ્ભ-ગલદુજ્જવલશોણિતાક્ત,
મુક્તાફલ-પ્રકર-ભૂષિત-ભૂમિભાગ ।
બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોપિ,
નાક્રામતિ ક્રમયુગા-ચલ-સંશ્રિતં તે ॥૩૫॥



Scanned with CamScanner

કલ્પાન્તકાલ- પવનોદ્ધત-વહ્નિકલ્પં,
દાવાનલં જ્વલિતમુજ્જવલ-મુત્ફુલિંગમ્ ।
વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતન્તં,
ત્વન્નામ-કીર્ત્તન-જલં શમયત્યશેષમ્ ॥૩૬॥

રક્તેક્ષણં સમદ-કોકિલ- કણ્ઠનીલં,
ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણ-માપતન્તમ્ ।
આક્રામતિ ક્રમ-યુગેન નિરસ્ત-શંક,
સ્ત્વન્નામ-નાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥૩૭॥

વલ્ગત્તુરઙ્ગ-ગજગર્જિત-ભીમનાદ,-
માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।
ઉદ્યદ્દિવાકર-મયુખ-શિખાપવિદ્ધં,
ત્વત્કીર્ત્તનાત્તમ ઇવાશુ ભિદામુપૈતિ ॥૩૮॥

કુન્તાગ્ર-ભિન્ન-ગજ-શોણિત-વારિવાહ,
વેગાવતાર-તરણા-તુર- યોધભીમે ।
યુદ્ધે જયં વિજિત-દુર્જય-જેયપક્ષા,
-સ્ત્વત્પાદપંકજ-વનાશ્રયિણો લભન્તે ॥૩૯॥

અમ્ભોનિધૌ ક્ષુભિત-ભીષણ-નક્રચક્ર,
-પાઠીનપીઠ-ભય-દોલ્બણ-વાડવાગ્નૌ ।
રંગત્તરંગ-શિખર-સ્થિત-યાનપાત્રા,
-સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥૪૦॥



Scanned with CamScanner

ઉદ્‌ભૂત-ભીષણ-જલોદર-ભારભુગ્નાઃ,
શોચ્યાં દશા-મુપગતાશ્ચ્યુત-જીવિતાશા ।
ત્વત્પાદપંકજ-રજોમૃત-દિગ્ધ-દેહા,
મર્ત્યા ભવન્તિ મકરધ્વજ-તુલ્યરૂપાઃ ॥૪૧॥

આપાદકણ્ઠ-મુરુ-શૃંખલ-વેષ્ટિતાંગા,
ગાઢં બૃહન્નિગડ-કોટિ-નિઘૃષ્ટ-જંઘા ।
ત્વન્નામ-મન્ત્ર-મનિશં મનુજાઃ સ્મરન્તઃ,
સદ્યઃ સ્વયંવિગત-બન્ધ-ભયા ભવન્તિ ॥૪૨॥

મત્ત-દ્વિપેન્દ્ર- મૃગરાજ-દવાનલાહિ,
-સંગ્રામ-વારિધિ-મહોદર-બન્ધનોત્થમ્ ।
તસ્યાશુ નાશ-મુપયાતિ ભયં ભિયેવ,
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥૪૩॥

સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધાં
ભક્ત્યામયારુચિર-વર્ણ-વિચિત્ર-પુષ્પામ્ ।
ધત્તે જનો ય ઇહ કણ્ઠ-ગતા- મજસ્ત્રં,
તં માનતુંગ-મવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૪॥

પછી દુહા કહેવા પૂર્વક ચાલીસ ખમા૦ આપવા. દરેક ખમા૦ વખતે 'સિદ્ધાચલ૦' એ દુહો બોલવો.

## ॥ દુહા ॥

ધન્ય ધન્ય સૌરઠ દેશ જિહાં, તીરથ માંહે સાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જનપદમાં શિરદાર ।૧।

**"સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;**
**મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર."**

અહોનિશ આવત ઢુંકડા, તે પણ જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવવધુ રંગ ।૨। સિ. ।

વિરાધક જિન આણના, તે પણ હુઆ વિશુદ્ધ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા નિર્મલ બુદ્ધ ।૩। સિ. ।

મહામ્લેચ્છ શાસનરિપુ, તે પણ હુઆ ઉપસંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહિમા દેખી અનંત ।૪। સિ. ।

મંત્ર યોગ અંજન સર્વે, સિદ્ધ હુએ જિન ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પાતકહારી નામ ।૫। સિ. ।

સુમતિ સુધારસ વરસતે, કર્મદાવાનલ સંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ઉપશમ તસ ઉલસંત ।૬। સિ. ।

શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ગ્રહે ગુણયુત શ્રોતાર ।૭। સિ. ।

પ્રિયમેલક ગુણગણ તણું, કીર્તિ કમલા સિંધુ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, કલિકાલે જગબંધુ ।૮। સિ. ।

શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દિનદિન મંગલમાલ ।૯। સિ. ।



Scanned with CamScanner

શ્વેત ધજા જસ લહકતી, ભાખે ભવિને એમ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ભ્રમણ કરો છો કેમ ? ।૧૦। સિ. ।

સાધક સિદ્ધ દશાભણી, આરાધે એક ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સાધન પરમ પવિત્ત ।૧૧। સિ. ।

સંઘપતિ થઈ જેહની, જે કરે ભાવે યાત્ર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, તસ હોય નિર્મલ ગાત્ર ।૧૨। સિ. ।

શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જેહનો જસ અભંગ ।૧૩। સિ. ।

રાયણવૃક્ષ સોહામણું, જિહાં જિનેશ્વર પાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સેવે સુરનર રાય ।૧૪। સિ. ।

પગલાં પુજી ઋષભનાં, ઉપશમ જેહને ચંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સમતા પાવન અંગ ।૧૫। સિ. ।

વિદ્યાધર જ મિલે બહુ, વિચરે ગિરિવર શૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચઢતે નવરસ રંગ ।૧૬। સિ. ।

માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પૂજો ભવિ જિન અંગ ।૧૭। સિ. ।

અજિત જિનેશ્વર જિહાં રહ્યા, ચોમાસું ગુણગેહ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, આણી અવિહડ નેહ ।૧૮। સિ. ।

શાંતિ જિનેશ્વર સોલમા, સોલ કષાય કરી અંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચાતુર્માસ રહંત ।૧૯। સિ. ।

નેમિ વિના જિનવર સવે, આવ્યા છે ઈણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, શુદ્ધ કરે પરિણામ ।૨૦। સિ. ।
નમિ નેમિ જિન અંતરે, અજિત શાંતિ સ્તવ કીધ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નંદિષેણ પ્રસિદ્ધ ।૨૧। સિ. ।
ગણધર મુનિ ઉવજ્ઝાય તિમ, લાભ લહ્યા કેઈ લાખ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જ્ઞાન અમૃતરસ ચાખ ।૨૨। સિ. ।
નિત્ય ઘંટા ટંકારવે, રણઝણે ઝલ્લરી નાદ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દુંદુભિ માદલ વાદ ।૨૩। સિ. ।
જેણે ગિરિ ભરત નરેસરે, કીધો પ્રથમ ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મોહમય મૂરતિ સાર ।૨૪। સિ. ।
ચૌમુખ ચઉગતિ દુ:ખ હરે, સોવનમય સુવિહાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, અક્ષય સુખ દાતાર ।૨૫। સિ. ।
ઈણ તીરથ મહોટા કહ્યા, સોલ ઉદ્ધાર સફાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, લઘુ અસંખ્ય વિચાર ।૨૬। સિ. ।
દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, શત્રુંજય સમરંત ।૨૭। સિ. ।
પુંડરિક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઈણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પુંડરીકગિરિ નામ ।૨૮। સિ. ।
કાંકરે કાંકરે ઇણે ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સિદ્ધક્ષેત્ર સમચિત્ત ।૨૯। સિ. ।
મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાયે દૂર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, વિમલાચલ સુખ પૂર ।૩૦। સિ. ।



Scanned with CamScanner

સુરવરા બહુ જે ગિરે, નિવસે નિર્મલ ઠાણ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સુરગિરિ નામ પ્રમાણ ।૩૧। સિ. ।

પરવત સહુ માંહે વડો, મહાગિરિ તેણે કહંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દરશન લહે પુણ્યવંત ।૩૨। સિ. ।

પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામ ભલું પુણ્યરાશ ।૩૩। સિ. ।

લક્ષ્મીદેવીએ કર્યો, કુંડે કમલ નિવાસ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પદ્મનામ સુવાસ ।૩૪। સિ. ।

સવિગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પર્વતઇંદ્ર વિખ્યાત ।૩૫। સિ. ।

ત્રિભુવનમાં તીરથ સવે, તેહમાં મોટો એહ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહાતીરથ જસ રેહ ।૩૬। સિ. ।

આદિ અંત નહિ જેહનો, કોઈ કાલે ન વિલાય,
તે તીર્થેશ્વર પ્રણમીયે, શાશ્વતગિરિ કહેવાય ।૩૭। સિ. ।

ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અપાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામ સુભદ્ર સંભાર ।૩૮। સિ. ।

વીર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામે જે દૃઢશક્તિ ।૩૯। સિ. ।

શિવગતિ સાધે જે ગિરિ, તે માટે અભિધાન;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મુક્તિનિલય ગુણખાણ ।૪૦। સિ. ।



Scanned with CamScanner

## ॥ દેવવંદનનો પાંચમો જોડો ॥

વિધિ- પૂર્વ પ્રમાણે જાણવી. વિશેષમાં સઘળી વસ્તુ અને સઘળી ક્રિયામાં દસને બદલે પચાસ પચાસ જાણવી, અને સંતિકરંને સ્થાને ચૈત્યવંદન ભાષ્ય કહેવું તેમજ દેવવંદનની વિધિ પ્રથમની જેમ જાણવી.

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

શેત્રુંજય શિખરે ચઢીયા સ્વામી, કદીયે હું અર્ચીશું;
રાયણ તરૂવર તલે પાય, આણંદે ચરચીશું ॥૧॥
ન્હવણ વિલેપન પૂજના, કરી આરતી ઉતારીશ;
મંગલ દીપક જ્યોતિ થુતિ, કરી દુરિત નિવારીશ ॥૨॥
ધન્ય ધન્ય તે દિન માહરો એ, ગણીશ સફલ અવતાર;
નય કહે આદીશ્વર નમો, જિમ પામો જયકાર ॥૩॥

### ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

તુજ મૂર્તિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુમ ગુણગણને બોલવા, રસના મુઝ હરખે ॥૧॥
કાયા અતિ આણંદ મુજ, તુમ પદયુગ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે ॥૨॥
એમ જાણીને સાહેબા એ, નેક નજરે મોહે જોય;
જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તે શું જે નવિ હોય ॥૩॥



Scanned with CamScanner



શ્રી
બાબુ જૈન
દેરાસર





સિદ્ધગિરિ ઉપર સૂરિ-રામચંદ્ર પ્રતિમા

શ્રી ધર્મનાથ જિનાલય-તલેટી



Scanned with CamScanner

## ।। પ્રથમ થોય જોડો ।।

(રાગ : શ્રી શત્રુંજય તીરથ સાર...)

જિહાં ઓગણ્યોતર કોડાકોડી, તેમ પંચાશી લખવલી જોડી,
ચુમ્માલીશ સહસ્સ કોડી;
સમવસર્યા જિહાં એતી વાર, પૂર્વ નવાણું એમ પ્રકાર,
નાભિ નરિંદ મલ્હાર ।।૧।।

સહસકુટ અષ્ટાપદ સાર, જિન ચોવીશ તણા ગણધાર,
પગલાંનો વિસ્તાર;
વલી જિનબિંબ તણો નહીં પાર, દેહરી થંભે બહુ આકાર,
વંદુ વિમલગિરિ સાર ।।૨।।

એંશી સીત્તેર સાઠ પચાસ, બાર જોયણ માને જસ વિસ્તાર,
ઇગ દુ તિ ચઉ પણ આર;
માન કહ્યું એહનું નિરધાર, મહિમા એહનો અગમ અપાર,
આગમ માંહે ઉદાર ।।૩।।

ચૈત્રી પૂનમ દિન શુભ ભાવે, સમકિતદષ્ટિ સુર નર આવે,
પૂજા વિવિધ રચાવે;
જ્ઞાનવિમલસૂરિ ભાવના ભાવે, દુરગતિ દોહગ દૂર ગમાવે,
બોધિબીજ જસ પાવે ।।૪।।

Scanned with CamScanner

## ॥ દ્વિતીય થોય જોડો ॥

(રાગ : શ્રી શત્રુંજય તીરથસાર...)

શત્રુંજય સાહેબ પ્રથમ જિણંદ, નાભિ ભૂપ કુલ કમલ દિણંદ,
મરૂદેવીનો નંદ;
જસ મુખ સોહે પૂનમ ચંદ, સેવા સારે ઇંદ નરિંદ,
ઉન્મૂલે દુઃખ દંદ;
વાંછિત પૂરણ સુરતરૂ કંદ, લંછન જેહને સુરભિનંદ,
ફેડે ભવ ભય ફંદ;
પ્રણમે જ્ઞાનવિમલ સુરિંદ, જેહના અહોનિશ પદઅરવિંદ,
નામે પરમાનંદ ॥૧॥

શ્રી સીમંધર જિનવર રાજે, મહાવિદેહે બાર સમાજે,
ભાખે ઇમ ભવિ કાજે;
સિદ્ધક્ષેત્ર નામે ગિરિરાજે, એક જ ભરત માંહે એ છાજે,
ભવજલ તરણ જહાજે;
અનંત તીર્થંકરવાણી ગાજે, ભવિ મન કેરા સંશય ભાંજે,
સેવક જનને નિવાજે;
વાજે તાલ કંસાલ પવાજે, ચૈત્રી મહોત્સવ અધિક દીવાજે,
સુર નર સજી બહુ સાજે ॥૨॥

રાગ દ્વેષ વિષ ખીલણ મંત, ભાંજી ભવ ભય ભાવઠ ભ્રાંત,
ટાલે દુઃખ દુરંત;
સુખ સંપત્તિ હોય જે સમરંત, ધ્યાયે અહનિશ સઘલાં સંત,
ગાયે ગુણ મહંત;



Scanned with CamScanner

શિવસુંદરી વશ કરવા તંત, પાપ તાપ પીલણ એ જંત,
સુણીએ તે સિદ્ધાંત;
આણી મોટી મનની ખંત, ભવિયણ ધ્યાવો એકણ ચિત્ત,
રાન વેલાઉલ હુંત ।।૩।।

આદિજીનેશ્વર પદ અનુસરતી, ચતુરંગુલ ઊંચી રહે ધરતી,
દુરિત ઉપદ્રવ હરતી;
સરસ સુધારસ વયણ ઝરંતી, જ્ઞાનવિમલ ગિરિ સાન્નિધ્ય કરંતી,
દુશ્મન દુષ્ટ દલંતી;
દાડિમ પક્વ કલી સમદંતી, જ્યોતિ ગુણ ઇહાં રાજી પંતી,
સમકિત બીજ વપંતી;
ચક્કેસરી સુરસુંદરી હુંતી, ચૈત્રીપૂનમ દિન આવંતી,
જય જયકાર ભણંતી ।।૪।।

## ।। શ્રી વિમલગિરિજીનું સ્તવન ।।

(રાગ : જિણંદા પ્યારા મુણીંદા પ્યારા...)

તીરથ વારૂ એ તીરથ વારૂ, સાંભલજો સૌ તારૂં રે;
ભવજલનિધિ તરવા ભવિજનને, પ્રવહણ પરે એ તારૂ રે. તીરથ૦ ।।૧।।

એ તીરથનો મહિમા મોટો, નવિ માને તે કારૂ રે;
પાર ન પામે કહેતાં કોઈ, પણ કહીયે મતિ સારૂ રે. તીરથ૦ ।।૨।।

સાધુ અનંતા ઇહાંકણે સિદ્ધા, અંત કર્મના કીધાં રે;
અનુભવ અમૃત રસ જિણે પીધા, અભયદાન જગ દીધાં રે. તીરથ૦ ।।૩।।

નમિ વિનમિ વિદ્યાધર નાયક, દ્રાવિડ વારિખિલ્લ જાણો રે;
થાવચ્ચા શુક સેલગ પંથગ, પાંડવ પાંચ વખાણો રે. તીરથ૦ ॥૪॥

રામ મુનિ ને નારદ મુનિવર, શાંબ પ્રદ્યુમ્ન કુમારો રે;
મહાનંદ પદ પામ્યા તેહના, મુનિવર બહુ પરિવારો રે. તીરથ૦ ॥૫॥

તેહ ભણી સિદ્ધક્ષેત્ર એહનું, નામ થયું નિરધાર રે;
શત્રુંજય કલ્પ માહાત્મ્યે, એહનો બહુ અધિકાર રે. તીરથ૦ ॥૬॥

તીરથ નાયક વાંછિત દાયક, વિમલાચલ જે ધ્યાવે રે;
જ્ઞાનવિમલસૂરિ કહે તે ભવિને, ધર્મ શર્મ ઘરે આવે રે. તીરથ૦ ॥૭॥

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

માદલ તાલ કંસાલ સાર, ભુંગલ ને ભેરી;
ઢોલ દદામા (દુંદુંભી) દડવડી, સરણાઈ નફેરી ॥૧॥

શ્રી મંડલ વીણા રબાવ, સારંગી, સારી;
તંબૂરા કડતાલ શંખ, ઝલ્લરી ઝણકાર ॥૨॥

વાજિંત્ર નવ નવ છંદ શું એ, ગાઓ જિન ગુણ ગીત;
જ્ઞાનવિમલ પ્રભુતા લહો, જિમ હોય જગે જસ રીત ॥૩॥

***



Scanned with CamScanner

વંદિત્તુ વંદણિજ્જે; સવ્વે ચિઈવંદણાઈ સુવિયારં ।
બહુ વિત્તિભાસચુણ્ણી-સુયાણુસારેણ વુચ્છામિ ||૧||

દહતિગ અહિગમ પણગં, દુદિસિ-તિહુગ્ગહ-તિહઉ વંદણયા ।
પણિવાય- નમુક્કારા, વન્ના સોલ-સય-સીયાલા ||૨||

ઇગસિઇ સયં તુ પયા, સગનઉઇ સંપયાઉ પણ દંડા ।
બાર અહિગાર ચઉવંદણિજજ, સરણિજ્જ ચઉહજિણા ||૩||

ચઉરો થુઈનિમિત્તઠ્ઠ, બાર હેઊ અ સોલ આગારા ।
ગુણવીસ દોસ ઉસ્સગ્ગ, માણથુત્તં ચ સગવેલા ||૪||

દસ આસાયણ-ચાઓ, સવ્વે ચિઈવંદણાઈ ઠાણાઈં ।
ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉ સયરા ||૫||

તિન્નિ નિસીહી તિન્નિઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા ।
તિવિહા પૂયા ય તહા, અવત્થ-તિય-ભાવણં ચેવ ||૬||

તિદિસિ નિરિક્ખણ વિરઈ, પયભૂમિ-પમજ્જણં ચ તિક્ખુત્તો ।
વન્નાઈ-તિયં મુદ્દાતિયં ચ તિવિહં ચ પણિહાણં ||૭||

ઘર-જિણહર- જિણપૂઆ, વાવારચ્ચાયઓ નિસીહિ-તિગં ।
અગ્ગદારે મજ્ઝે, તઈયા ચિઈ-વંદણા-સમએ ||૮||

અંજલિબદ્ધો અદ્ધો, ણઓ અ પંચંગઓ અ તિપણામા ।
સવ્વત્થ વા તિવારં, સિરાઈ - નમણે પણામં-તિયં ||૯||

અંગગ્ગભાવભેયા, પુપ્ફાહાર થુઈહિં પૂયતિગં ।
પંચુવયારા અઠ્ઠો,-વયાર સવ્વોવયારા વા ||૧૦||



Scanned with CamScanner

ભાવિજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવ-રહિયત્તં ।
છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્તં ચેવ તસ્સત્થો ॥૧૧॥

ન્હવણચ્ચગેહિં છઉમત્થ,-વત્થ પડિહારગેહિં કેવલિયં ।
પલિયં કુસ્સગ્ગેહિઅ, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં ॥૧૨॥

ઉઢ્ઢાહો તિરિઆણં, તિદિસાણ નિરિક્ખણં ચઈજ્જહવા ।
પચ્છિમ દાહિણ વામાણ, જિણમુહન્નત્થ- દિટ્ઠિ-જુઓ ॥૧૩॥

વન્નતિયં વન્નત્થાલંબણમાલંબણં તુ પડિમાઈ ।
જોગ જિણ મુત્તસુત્તી, મુદ્દાભેએણ મુદતિયં ॥૧૪॥

અન્નુન્નંતરિ અંગુલિ-કોસાગારેહિં દોહિં હત્થેહિં ।
પિટ્ટોવરિ કુપ્પર, સંઠિએહિં તહ જોગમુદત્તિ ॥૧૫॥

ચત્તારિ અંગુલાઈ, પુરઓ ઊણાઈં જત્થ પચ્છિમઓ ।
પાયાણં ઉસ્સગ્ગો, એસા પુણ હોઈ જિણમુદ્દા ॥૧૬॥

મુત્તાસુત્તી મુદ્દા, જત્થ સમા દોવિ ગબ્ભિઆ હત્થા ।
તે પુણ નિલાડદેસે, લગ્ગા અન્ને અલગ્ગત્તિ ॥૧૭॥

પંચંગો પણિવાઓ, થય પાઢો હોઈ જોગમુદ્દાએ ।
વંદણ જિણમુદ્દાએ, પણિહાણં મુત્તસુત્તીએ ॥૧૮॥

પણિહાણતિગં ચેઈઅ,-મુણિવંદણ-પત્થણા સરૂવં વા ।
મણ-વય-કાએગત્તં, સેસ-તિયત્થો ય પયડુત્તિ ॥૧૯॥

સચ્ચિત્તદવ્વ મુજ્ઝણમચિત્તમણુજ્ઝણં મણેગત્તં ।
ઇગસાડિ ઉત્તરાસંગુ, અંજલિ સિરસિ જિણદિટ્ઠે ॥૨૦॥



Scanned with CamScanner

ઇય પંચવિહાભિગમો, અહવા મુચ્ચંતિ રાય ચિન્હાઈ ।
ખગ્ગં છત્તો-વાણહ, મઉડં ચમરે અ પંચમએ ॥૨૧॥

વંદંતિ જિણે દાહિણ, - દિસિટ્ઠિઆ પુરિસ વામદિસિ નારી ।
નવકર જહન્નુ સટ્ઠિ કર, જિટ્ઠ મજ્ઝુગ્ગહો સેસો ॥૨૨॥

નમુક્કારેણ જહન્ના, ચિઈવંદણ મજ્ઝ દંડથુઈ જુઅલા ।
પણદંડ-થુઈ-ચઉક્કગ, થયપણિહાણેહિં ઉક્કોસા ॥૨૩॥

અન્ને બિંતિ ઇગેણં, સક્ક-ત્થએણં જહન્ન-વંદણયા ।
તદ્દુગતિગેણ મજ્ઝા, ઉક્કોસા ચઉહિં પંચહિં વા ॥૨૪॥

પણિવાઓ પંચંગો, દો જાણુ કરદુગુત્તમંગં ચ ।
સુમહત્થ નમુક્કારા, ઇગ દુગ તિગ જાવ અટ્ઠસયં ॥૨૫॥

અડસટ્ઠિ અટ્ઠવીસા, નવ નઉય સયં ચ દુસયસગનઉયા ।
દોગુણતીસ દુસટ્ઠા, દુસોલ અડનઉયસય દુવન્નસયં ॥૨૬॥

ઇઅ નવકાર ખમાસમણ, ઇરિયસક્કત્થઆઈ દંડેસુ ।
પણિહાણેસુ અ અદુરૂત્ત, વન્ન સોલસય સીયાલા ॥૨૭॥

નવ બત્તીસ તિત્તીસા, તિચત્ત અડવીસ સોલ વીસ પયા ।
મંગલ ઇરિયા-સક્કત્થ, યાઈસુ એગસીઈસયં ॥૨૮॥

અટ્ઠટ્ઠ નવટ્ઠય અટ્ઠવીસ, સોલસ ય વીસ વિસામા ।
કમસો મંગલ-ઇરિયા, સક્કત્થયાઈસુ સગનઉઈ ॥૨૯॥

વન્નટ્ઠસટ્ઠિ નવ પય, નવકારે અટ્ઠસંપયા તત્થ ।
સગ સંપય પય તુલ્લા, સતરક્ખર અટ્ઠમી દુપયા ॥૩૦॥



Scanned with CamScanner

પણિવાય અક્ખરાઈં, અટ્ઠાવીસં તહા ય ઇરિયાએ ।
નવનઉય - મક્ખરસયં, દુતિસપયસંપયા અટ્ઠ ॥૩૧॥

દુગ દુગ ઇગ ચઊ ઇગ પણ, ઇગારછગ ઇરિય-સંપયાઈ પયા ।
ઇચ્છા ઇરિ ગમ પાણા, જે મે એગિંદિ અભિ તસ્સ ॥૩૨॥

અબ્ભુવગમો નિમિત્તં, ઓહેઅરહઉ-સંગહે પંચ ।
જીવ-વિરાહણ-પડિક્કમણ, ભેયઓ તિન્નિ ચુલાએ ॥૩૩॥

દુ- તિ-ચઉ પણ પણ પણ દુ, ચઉ તિપય સક્કત્થય સંપયાઈપયા ।
નમુ-આઈગ પુરિસો લોગુ, અભય ધમ્મપ્પ જિણ સવ્વં ॥૩૪॥

થોઅવ્વ સંપયા ઓહ, ઇયરહેઉ-વઓગતદ્ધેઉ ।
સવિસેસુવઓગ સરૂવ, હેઉ નિયસમ-ફલય મુક્ખે ॥૩૫॥

દો સગનઉઆવન્ના, નવસંપય પયતિત્તીસ સક્કત્થએ ।
ચેઇયથયટ્ઠ-સંપય, તિચત્ત-પયવન્નદુસયગુણતીસા ॥૩૬॥

દુ છ સગ નવ તિય છ ચ્ચઉ-છપ્પય ચિઈસંપયા પયા પઢમા ।
અરિહં વંદણ સદ્ધા, અન્ન સુહુમ એવ જા તાવ ॥૩૭॥

અબ્ભુવગમો નિમિત્તં, હેઉ ઇગ બહુવયંત આગારા ।
આગંતુગ આગારા, ઉસ્સગ્ગાવહિ સરૂવટ્ઠ ॥૩૮॥

નામથયાઈસુ સંપય, પયસમ અડવીસ સોલ વીસ કમા ।
અદુરૂત્ત-વન્ન દોસટ્ઠ, દુસયસોલ-ટ્ઠનઉઅસયં ॥૩૯॥

પણિહાણિ દુવન્નસયં, કમેણ સગતિ ચઉવીસ તિત્તીસા ।
ગુણતીસ અટ્ઠાવીસા, ચઉતી-સિગતીસ બાર ગુરુવન્ના ॥૪૦॥



Scanned with CamScanner

પણ દંડા સક્કત્થય, ચેઈઅ નામ સુઅ સિદ્ધત્થય ઇત્થ ।
દો ઇગ દો દો પંચ ય, અહિગારા બારસ કમેણ ॥૪૧॥

નમુ જેઅ અ અરિહં લોગ, સવ્વ પુક્ખ તમ સિદ્ધ જો દેવા ।
ઉજ્જિંજ ચત્તા વેયા, વચ્ચગ, અહિગાર પઢમપયા ॥૪૨॥

પઢમ-હિગારે વંદે, ભાવજિણે બીયએઉ, દવ્વજિણે ।
ઇગચેઈય-ઠવણજિણે, તઈય ચઉત્થંમિ નામજિણે ॥૪૩॥

તિહુઅણ- ઠવણજિણે પુણ, પંચમએ વિહરમાણ જિણ છટ્ઠે ।
સત્તમએ સુય નાણં, અટ્ઠમએ સવ્વ- સિદ્ધ થુઈ ॥૪૪॥

તિત્થાહિવ-વીર થુઈ, નવમે દસમેય ઉજ્જયંત થુઈ ।
અટ્ઠાવયાઈઈગદિસિ, સુદિટ્ઠિ સુર-સમરણા ચરિમે ॥૪૫॥

નવ અહિગારા ઇહ, લલિઅવિત્થરા વિત્તિમાઈ અણુસારા ।
તિન્નિ સુય-પરં પરયા, બીઓ દસમો ઇગારસમો ॥૪૬॥

આવસ્સય- ચુણ્ણીએ, જં ભણિયં સેસયા જહિચ્છાએ ।
તેણં ઉજ્જિંજતાઈ-વિ, અહિગારા સુયમયા ચેવ ॥૪૭॥

બીઓ સુઅત્થયાઈ, અત્થઓ વન્નિઓ તહિં ચેવ ।
સક્કત્થ યંતે પઢિઓ, દવ્વારિહવસરિ પયડત્થો ॥૪૮॥

અસઢાઈન્નણવજ્જં, ગીઅત્થ-અવારિઅં તિ મજ્ઝત્થા ।
આયરણાવિહુઆણત્તિ, વયણઓ સુબહુ મન્નંતિ ॥૪૯॥

ચઉવંદણિજ્જ જિણ મુણિ, સુયસિદ્ધા ઇહ સુરાઈ સરણિજ્જા ।
ચઉહ જિણા નામ ઠવણ, દવ્વ ભાવજિણ-ભેએણં ॥૫૦॥



Scanned with CamScanner

નામ જિણા જિણ નામા, ઠવણજિણા પુણ જિણિંદ પડિમાઓ ।
દવ્વજિણા જિણ જીવા, ભાવજિણા સમવસરણત્થા ॥૫૧॥

અહિગય - જિણ-પઢમથુઈ, બીયા સવ્વાણ તઈઅ નાણસ્સ ।
વેયાવચ્ચગરાણં ઉવઓગત્થં ચઉત્થથુઈ ॥૫૨॥

પાવખવણત્થ ઇરિયાઈ, વંદણવત્તિઆઈ છ નિમિત્તા ।
પવયણ-સુર-સરણત્થં, ઉસ્સગ્ગો ઇઅ નિમિત્તઠ્ઠ ॥૫૩॥

ચઉ તસ્સ ઉત્તરીકરણ-પમુહ સદ્ધાઈયા ય પણ હેઊ ।
વેયાવચ્ચગરત્તાઈ, તિન્નિઇઅ હેઉ બારસગં ॥૫૪॥

અન્નત્થયાઈ બારસ, આગારા એવમાઈયા ચઉરો ।
અગણી-પણિંદિ છીંદણ -, બોહી-ખોભાઈ ડક્કો ય ॥૫૫॥

ઘોડગ લય ખંભાઈ, માલુ-દ્ધિ નિઅલ સબરિ ખલિણ વહૂ ।
લંબુત્તર થણ સંજઈ, ભમુહંગુલિ વાયસ કવિઠ્ઠો ॥૫૬॥

સિરકંપ મૂઅ વારુણિ, પેહત્તિ ચઈજ્જ દોસ ઉસ્સગ્ગે ।
લંબુત્તરથણ સંજઈ, ન દોસ સમણીણ સવહુ સઢ્ઢીણં ॥૫૭॥

ઇરિઉસ્સગ્ગ પમાણં, પણવીસુસ્સાસ અઠ્ઠ સેસેસુ ।
ગંભીર-મહુર-સદ્દં,-મહત્થ-જુત્તં હવઈ થુત્તં ॥૫૮॥

પડિક્કમણે ચેઈય જિણ, ચરિમ પડિક્કમણ સુઅણ પડિબોહે ।
ચિઈવંદણ ઈઅ જઈણો, સત્તઉ વેલા અહોરત્તે ॥૫૯॥

પડિક્કમઓ ગિહિણોવિ હુ, સગવેલા પંચવેલ ઇયરસ્સ ।
પૂઆસુ તિસંઝાસુઅ, હોઇ તિ-વેલા જહન્નેણં ॥૬૦॥



Scanned with CamScanner

તંબોલ પાણ ભોયણ-વાણહ મેહુન્ન સુઅણ નિટ્ઠવણં ।
મુત્તુચારં જુઅં, વજ્જે જિણનાહ-જગઈએ ॥૬૧॥

ઇરિનમુક્કાર નમુત્થુણ, અરિહંત થુઇ લોગ સવ્વ થુઇ પુક્ખ ।
થુઈસિદ્ધા વેઆ થુઈ, નમુત્થુ જાવંતિ થય જયવી ॥૬૨॥

સવ્વોવાહિ વિસુદ્ધં, એવં જો વંદ એ સયા દેવે ।
દેવિંદવિંદ મહિઅં, પરમપયં પાવઈ લહું સો ॥૬૩॥

પછી દૂહા કહેવા પૂર્વક પચાસ ખમાસમણા આપવા. દરેક ખમા૦ વખતે 'સિદ્ધાચલ૦' એ દુહો બોલવો.

॥ દુહા ॥

ચંદ્ર સૂરજ સમકિત ધરા, સેવ કરે શુભચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પુષ્પદંત વિદિત ।૧।

**"સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;**
**મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર."**

ભિન્ન રહે ભવજલ થકી, જે ગિરિ લહે નિવાસ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, મહાપદ્મ સુવિલાસ ।૨। સિ. ।

ભૂમિ ધરા જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પૃથ્વીપીઠ અનીહ ।૩। સિ. ।

મંગલ સવિ મલવાતણું, પીઠ એહ અભિરામ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ભદ્રપીઠ જસ નામ ।૪। સિ. ।

મૂલ જસ પાતાલમેં, રત્નમય મનોહાર;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પાતાલમૂલ વિચાર ।૫। સિ. ।
કર્મક્ષય હોયે જિહાં, હોય સિદ્ધ સુખ-કેલ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, અકર્મક મનમેલ ।૬। સિ. ।
કામિત સવિ પૂરણ હોયે, જેહનું દરિસણ પામ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, સર્વકામ મન ઠામ ।૭। સિ. ।
ઇત્યાદિક એકવીશ ભલાં, નિરૂપમ નામ ઉદાર;
જે સમર્યાં પાતક હરે, આતમ શક્તિ અનુસાર ।૮। સિ. ।
સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહીં, એનો એળે ગયો અવતાર ।૯। સિ. ।
શેત્રુંજી નદીમાં નાહી ને, મુખ બાંધી મુખ કોશ;
દેવ યુગાદિ પૂજીયે, આણી મન સંતોષ ।૧૦। સિ. ।
એકેકું ડગલું ભરે, શેત્રુંજા સમુ જેહ;
ઋષભ કહે ભવકોડનાં, કર્મ ખપાવે તેહ ।૧૧। સિ. ।
શેત્રુંજા સમો તીરથ નહિ, ઋષભ સમો નહીં દેવ;
ગૌતમ સરીખા ગુરૂ નહિ, વળી વળી વંદુ તેહ ।૧૨। સિ. ।
જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર ।૧૩। સિ. ।
સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, મુનિવર કોડી અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત ।૧૪। સિ. ।



Scanned with CamScanner

અડસઠ તીરથ ન્હાવતાં, અંતરંગ ઘડી એક;
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક ।૨૩। સિ. ।
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલ ધામ;
અચલપદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ ।૨૪। સિ. ।
પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતકપદે,સુરગિરિ નામ ધરાય ।૨૫। સિ. ।
અથવા ચૌદે ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક;
તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક ।૨૬। સિ. ।
એંશી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીશ;
મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ ।૨૭। સિ. ।
ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનીક;
જેહવો તેહવો સંયમી, એ તીર્થે પૂજનીક ।૨૮। સિ. ।
વિપ્રલોક વિષધર સમા, દુઃખીયા ભૂતલ માન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન ।૨૯। સિ. ।
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી, તિણે પુણ્યરાશિ નામ ।૩૦। સિ. ।
સંયમધર મુનિવર ઘણા, તપતપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન ।૩૧। સિ. ।
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તિણે આઠમું, શ્રીપદગિરિ નિરધાર ।૩૨। સિ. ।



Scanned with CamScanner

શ્રીસીમંધરસ્વામીએ, એગિરિ મહિમાવિલાસ;
ઇંદ્રની આગે વર્ણવ્યો, તિણે એ ઇંદ્રપ્રકાશ ।૩૩। સિ. ।

દશ કોટિ અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર;
જૈન તીર્થયાત્રા કરે, લાભ તણો નહિ પાર ।૩૪। સિ. ।

તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુએ, મહાતીરથ અભિધાન ।૩૫। સિ. ।

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત;
શત્રુંજય મહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત ।૩૬। સિ. ।

ગૌ નારી બાળક મુનિ, ચઉ હત્યા કરનાર;
યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર ।૩૭। સિ. ।

જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વળી ચોરણહાર;
ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઈણે ઠામ;
તપ તપતાં પાતક ગળે, તિણે દૃઢશક્તિ નામ ।૩૮। સિ. ।

ભવભય પામી નીકળ્યા, થાવચ્ચાસુત જેહ;
સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિનિલયગિરિ તેહ ।૩૯। સિ. ।

ચંદા સૂરજ બિહું જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ;
વધાવીયો વર્ણન કરી, પુષ્પદંત ગિરિ રંગ ।૪૦। સિ. ।

કર્મકઠણ ભવજલ તજી, ઇહાં પામ્યા શિવસદ્મ;
પ્રાણીપદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ ।૪૧। સિ. ।



Scanned with CamScanner

શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચીયો સાર;
મુનિવરવર બેઠક ભણી, પૃથ્વીપીઠ મનોહાર ।૪૨। સિ. ।
શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગલ રૂપ;
જલતરૂજગિરિવર તણી, શીશ ચઢાવે ભૂપ ।૪૩। સિ. ।
વિદ્યાધર સુર અપ્સરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીયે ભવિ કૈલાસ ।૪૪। સિ. ।
બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીશી મોઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર;
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે કદંબગિરિ નમો, તો હોય લીલવિલાસ ।૪૫। સિ. ।
પાતાલે જસ મુલ છે, ઉજ્જ્વલગિરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોયે સંસાર ।૪૬। સિ. ।
તનમનધન સુતવલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ ।૪૭। સિ. ।
વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ષટ માસ;
તેજ અપૂરવ વિસ્તરે, પૂરે સઘળી આશ ।૪૮। સિ. ।
ત્રીજે ભવસિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂરત સાચ ।૪૯। સિ. ।
સર્વકામદાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રી શુભવીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ ।૫૦। સિ. ।

**શ્રી જ્ઞાનવિમલ સૂરિકૃત ચૈત્રી પૂનમના દેવવંદન સમાપ્ત**

❖❖❖



Scanned with CamScanner

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તુતિ

જેના સ્મરણથી જીવનના, સંકટ બધા દૂરે ટળે,
જેના સ્મરણથી મન તણાં, વાંછિત સહુ આવી મળે;
જેના સ્મરણથી આધિ, વ્યાધિને ઉપાધિ ના ટકે,
એવા શ્રી **શંખેશ્વર** પ્રભુના ચરણમાં પ્રેમે નમું... ૧.

વિઘ્નો તણા વાદળ ભલે, ચોમેર ઘેરાઈ જતાં,
આપત્તિના કંટક ભલે, ચોમર વેરાઈ જતાં;
વિશ્વાસ છે જસ નામથી, એ દૂર ફેંકાઈ જતાં,
એવા શ્રી **શંખેશ્વર** પ્રભુના, ચરણમાં પ્રેમે નમું... ૨.

ત્રણ કાળમાં ત્રણ ભુવનમાં, વિખ્યાત મહિમા જેહનો,
અદ્‌ભુત છે દેદાર જેહના, દર્શનીય આ દેહનો;
લાખો-કરોડો સૂર્ય પણ, જસ આગળે ઝાંખા ઠરે,
એવા શ્રી **શંખેશ્વર** પ્રભુના, ચરણમાં પ્રેમે નમું... ૩.

ધરણેન્દ્રને પદ્માવતી, જેની સદા સેવા કરે,
ભક્તો તણાં વાંછિત સઘળા, ભક્તિથી પૂરા કરે;
ઈન્દ્રો નરેન્દ્રો ને મુનીન્દ્રો, જાપ કરતા જેહનો,
એવા શ્રી **શંખેશ્વર** પ્રભુના, ચરણમાં પ્રેમે નમું... ૪.

જેના પ્રભાવે જગતના, જીવો બધા સુખ પામતાં,
જેના ન્હવણથી જાદવોના, રોગ દૂરે ભાગતાં;
જેના ચરણના સ્પર્શને, નિશદિન ભક્તો ઝંખતા,
એવા શ્રી **શંખેશ્વર** પ્રભુના, ચરણમાં પ્રેમે નમું... ૫.



Scanned with CamScanner

## ઉદય તિથિના પ્રકાશનો

લઘુ દેવવંદન માલા - પ્રથમ આવૃત્તિ - ૨૦૦૦ નકલ
લઘુ દેવવંદન માલા - દ્વિતીય આવૃત્તિ - ૨૫૦૦ નકલ
લઘુ દેવવંદન માલા - તૃતીય આવૃત્તિ - ૩૦૦૦ નકલ

શ્રી પંચપ્રતિક્રમણ ક્રીયા સંગ્રહ - પ્રથમ આવૃત્તિ - ૩૦૦૦
શ્રી પંચપ્રતિક્રમણ ક્રીયા સંગ્રહ - દ્વિતીય આવૃત્તિ - ૧૦૦૦
શ્રી પંચપ્રતિક્રમણ ક્રીયા સંગ્રહ - તૃતીય આવૃત્તિ - ૧૦૦૦
શ્રી પંચપ્રતિક્રમણ પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦

**ચૌદ નિયમ કાર્ડ**

**દીપાવલી આરાધના કાર્ડ**

**શ્રી ચૈત્રી પૂનમ દેવવંદન (૧૫૦ ખમા.ના દુહા સાથે)**

**આપને ઉપરના પુસ્તકો પ્રભાવના આદિ માટે જરૂર હોય તો પ્રકાશકને સરનામે સંપર્ક કરવાથી મળી શકશે.**

● પ્રકાશક ●

**મહેન્દ્ર જે. શાહ.**

૨૦૫, રમ્ય એપાર્ટમેન્ટ, ૪૬, પ્રીતમનગર સોસાયટી,
એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૨૬૫૭૯૧૧૩
મોબાઈલ : ૯૪૨૬૩૫૭૩૧૩



Scanned with CamScanner




- પુંડરીકસ્વામિજીનું પાંચ ક્રોડ મુનિવરો સાથે — ચૈત્ર સુદ-૧૫
- નમિ-વિનમિરાજા બે ક્રોડ મુનિવરો સાથે — ફાગણ સુદ-૧૦
- દ્રાવિડ-વારિખિલ્લજી દસ ક્રોડ મુનિવરો સાથે — કારતક સુદ-૧૫
- શાંબ-પ્રદ્યુમ્ન સાડા ત્રણ ક્રોડ મુનિવરો સાથે — ફાગણ સુદ-૧૩
- પાંચ પાંડવો વીશ ક્રોડ મુનિવરો સાથે — આસો સુદ-૧૫
- રામચંદ્રજી અને ભરતજી ત્રણ ક્રોડ મુનિવરો સાથે
- નારદ મુનિ એક લાખ એકાણું હજાર સાથે
- થાવચ્ચાપુત્ર એક હજાર સાથે
- શુક પરિવ્રાજક એક હજાર સાથે
- શત્રુંજય ઉપર કૃષ્ણાગરુ વગેરેનો ઉત્તમ ધૂપ કરવાથી ૧૫ ઉપવાસનું પુણ્ય પ્રાપ્ત થાય છે.
- બરાસનો ધ્ધૂપ કરવાથી મસક્ષમણનું પુણ્ય પ્રાપ્ત થાય છે
- શત્રુંજયને વિષે મુનિવરને વિશુદ્ધભિક્ષાના દાનથી અનેકાનેક માસક્ષમણનું પુણ્ય પ્રાપ્ત થાય છે.
- ઉપવાસ દ્વારા શુદ્ધ ભાવપૂર્વક શ્રી શત્રુંજયનું સ્મરણ કરવાથી માસક્ષમણ જેટલું ફળ પ્રાપ્ત થાય છે.

પ્રકાશક :
ઉદયતિથિ પ્રકાશન
અમદાવાદ

Scanned with CamScanner